એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ

# શિક્ષણમાં ઇનોવેશન

પ્રેરણા


સી. ટી. ટુંડિયા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.

ડૉ. ટી. એસ. જોષી
નિયામક
જીસીઇઆરટી, ગાંધીનગર.

સંપાદન
ડૉ. પંકજ આઇ. પરમાર
સિનિયર લેકચરર અને ડિસ્ટ્રીક્ટ ઇનોવેશન સેલ કો.ઓ.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.


ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર
પ્રેરિત
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર
આયોજિત જિલ્લા કક્ષાનો

4th Educational Innovation Festival 2018

તારીખ : ૧૪-૧૫ ડિસેમ્બર, ૨૦૧૮

Scanned with OKEN Scanner

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર
અને ન્યારા એનર્જી લિ. પ્રેરિત
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર
આયોજિત જિલ્લા કક્ષાનો

# 4th Educational Innovation Festival 2018

**તારીખ : ૧૪-૧૫ ડિસેમ્બર, ૨૦૧૮**

**પ્રેરણા**

**શ્રી સી. ટી. ટુંડિયા**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.

**ડૉ. ટી. એસ. જોષી**
નિયામક
જીસીઇઆરટી, ગાંધીનગર.


**લેખન અને સંપાદન**
**ડૉ. પંકજ આઇ. પરમાર**
સિનિયર લેકચરર અને ડિસ્ટ્રીક્ટ ઇનોવેશન સેલ કો.ઓ.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.


**સહયોગ**


ડૉ. ધ્રુવ એ. પંડયા
લેકચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.

ડૉ. કોમલબેન આર. પંડયા
લેકચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.



અક્ષર : ૯૯૨૨૪ ૪૭૦૦૦





Scanned with OKEN Scanner



4th Educational Innovation Festival 2018

શિક્ષણમાં નાવીન્યકરણ...

શિક્ષણપ્રક્રિયા એ નિત્ય વહેતાં ઝરણાં જેવી છે. શિક્ષક પણ ઝરણાંની જેમ વહેતો રહે તો તેનો જે નાદ છે કે સ્વર છે તે વિદ્યાર્થીઓને શિક્ષણાનુભૂતિ કરાવી શકશે. શિક્ષણમાં ઇનોવેશન દ્વારા જ શિક્ષણમાં નાવીન્ય આવી શકે. શિક્ષણમાં નાવીન્ય તોજ આવી શકે કે શિક્ષક વિચારક હોય. શિક્ષક વિચારશૂન્ય કદાપી નહીં હોવો જોઇએ. વિચારક હરિસ વાલ્પોલનું એક વિચારવા જેવું અને સમજવા જેવું સુંદર વાક્ય છે કે, 'વિચારકો માટે દુનિયા સુખાન્ત છે, અને સંવેદનશીલ લોકો માટે દુખાન્ત'

જે શિક્ષક વર્ગખંડમાં કે શાળામાં શિક્ષણમાં નાવીન્યસભર પ્રયોગ કરતા હશે તેની સામ્પ્રતજગતમાં આગવું અને ખુદનું મૂલ્ય તથા અસ્મિતા અંકિત થાય છે. જે નાવીન્ય દ્વારા વિદ્યાર્થીઓની કેળવણીની પ્રક્રિયામાં સહજતા થાય તે કેળવણી શાશ્વત બની રહે છે. શિક્ષકે કરેલો નાનો પ્રયોગ સમાજ અને રાષ્ટ્ર માટે ઉપયોગી બની રહે તેથી સવિશેષ ઉત્તમ બીજું શું હોઇ શકે ? વિનોબા ભાવેએ કહ્યુ છે કે, 'વિચારકને જે વસ્તુ આજે સ્પષ્ટ દેખાય છે તે જ વિચાર પર દુનિયા આવતીકાલે અમલ કરશે.'

લવિલનું મંત્ર વાક્ય છે કે, 'વિચાર ગમે તેટલો જૂનો હોય, અને ગમે તેટલી વાર રજૂ થઇ ચૂક્યો હોય, છતાં પણ તે વિચાર ત્યારે જ અસરકારક બને છે જ્યારે તેની રજૂઆત સુંદર રીતે થયેલી હોય.' શિક્ષકની અભિવ્યક્તિ બાળકને માટે આત્માનુભૂતિ બની રહે તે ખરી કેળવણી. કેળવણી એ પરમવિશ્રામનો અનુભવ કરાવી બાળકના ચહેરા ઉપર સ્મિત લાવે અને તે બાળક જગતના ચોકમાં ઊભો થાય, ઊગતો થાય અને પોતાના વિશ્વાસ પર દોડતો થાય તે માટે વર્ગખંડમાં જે કાંઇ આપણે કરીએ તે યજ્ઞમાં સમિધ અર્પણ કરવા જેવું કાર્ય છે.

ગુજરાત શૈક્ષિક સંશોધન અને તાલીમ પરિષદ-ગાંધીનગર પ્રેરિત જિલ્લાકક્ષાના ચોથા શૈક્ષણિક ઇનોવેશન ફેરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સુરેન્દ્રનગર જિલ્લાના આ એવાં શિક્ષકો છે કે જેમના વિચારથી વર્ગખંડમાં અને નાવીન્યકરણ થયું છે. જે નાવીન્યકરણ બાળક- શિક્ષક-સમાજ અને રાષ્ટ્રને શિક્ષણની પ્રક્રિયામાં ઉપયોગી બની રહેનાર છે.

આપની પાસે ઇનોવેશનનો જે દસ્તાવેજ આપ વાંચી રહ્યા છો તેમા માટે બહું ટૂંકા સમયમાં ડૉ. પંકજભાઇ પરમાર, સિનિયર લેક્ચરર દ્વારા કામ થયું છે, અભિનંદન. આપ સૌ આ ઇનોવેશનના દસ્તાવેજને વાંચી શું આપશ્રી પોતાનો એજ્યુકેશનલ ઇનોવેશન દસ્તાવેજ બનાવવા માટે પ્રેરાશો ?

શુભમ્ ભવતુ ।


સી.ટી.ટૂંડિયા
પ્રાચાર્ય,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર.


તારીખ ૧૨.૧૨.૨૦૧૮



Scanned with OKEN Scanner



4th Educational Innovation Festival 2018

## શૈક્ષણિક ઇનોવેશન...

શિક્ષણમાં ઇનોવેશન આગવું મહત્વ ધરાવે છે. શિક્ષણ વિભાગ અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ-ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ ચારેક વર્ષથી એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ જી.સી.ઇ.આર.ટી. પ્રેરિત જીલ્લા શિક્ષણ અને તાલીમ ભગવન-સુરેન્દ્રનગર દ્વારા એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યુ છે. જેના થકી વર્ગખંડમાં અભ્યાસિક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિ તેમજ બાળકોના સર્વાંગી વિકાસ સંદર્ભે જે કઇ પવૃત્તિ શાળા કક્ષાએ થતી રહેલી છે તેવી પ્રવૃત્તિઓનો પ્રચાર અને પ્રસાર થાય તેમજ અન્ય શાળા પણ તેનો ઉપયોગ કરી શકે અને સમસ્યા નિરાકરણ કરી શકે તે મૂળભૂત ઉદ્દેશ્ય છે. સાથે સાથે આવી સરસ પ્રવૃત્તિ કરનાર શિક્ષકોને પ્રોત્સાહન પણ પૂરું પડે અને વધુ સારું કાર્ય કરવાની પ્રેરણા મળે.

વિદ્યાર્થીઓને ધ્યાને રાખી શિખવવા માટેની સરળ રીત, સહાયક સાધન સામગ્રીનું નિર્માણ, વિવિધ વિષયોની શૈક્ષણિક ઉપલબ્ધિ સંદર્ભેની પ્રવૃત્તિઓ, પ્રજ્ઞા પ્રોજેક્ટ, કન્યા કેળવણી, બાળકોના નામાંકન, સ્થાયીકરણ માટેના પ્રયાસો, બાળક કે શાળા વિકાસમાં ગ્રામજનોની સહભાગીદારીતા, સંશોધન, આઇ.સી.ટી. તેમજ આઇ.ટી.આઇ. એક્ટના હેતુઓ સંદર્ભેની કામગીરી કરેલ હોય એટલે કે શૈક્ષણિક પ્રક્રિયા માટે જરૂરી સામગ્રી કે વાતાવરણું નિર્માણ કે જે જૂની પદ્ધતિ-પ્રયુક્તિથી અલગ હોય અને તે બાળકોના અભ્યાસને પ્રભાવિત કરે છે. આવા પ્રકારના ઇનોવેશનનો પ્રસ્તુત પુસ્તકમાં સમાવેશ કરેલ છે.

પ્રસ્તુત દસ્તાવેજમાં જીલ્લા કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર શિક્ષકોના ઇનોવેશન લેવામાં આવ્યા છે. જેથી એક જ દસ્તાવેજમાંથી ઘણા નવાચાર મળી શકે. અન્યા શાળાના શિક્ષકો તેનો અભ્યાસ કરી પોતાની શાળામાં વર્ગખંડમાં વિવિધ વિષય સંદર્ભે, વર્ગખંડની બહાર કે એસ.એમ.સી. જાગૃતિ માટે પોતાની નડતી સમસ્યાઓ સંદર્ભે ઉકેલ મેળવી શકે.

આ પુસ્તક ઇનોવેટીવ ઉત્સાહી શિક્ષકોને ચોક્કસ પણે મદદરૂપ થશે. જીલ્લામાંથી પસંદ થયેલ શિક્ષકો અંગે તૈયાર થયેલ આ દસ્તાવેજ ખુબ જ મહત્વપૂર્ણ બની રહે તેવી શુભકામના સાથે ભાગ લેનાર શિક્ષકો ખૂબ સારો દેખાવ કરી જીલ્લાનું નામ રોશન કરે તેવી અભ્યર્થના સાથે સમાવિષ્ટ તમામ શિક્ષકોને ખુબ ખુબ અભિનંદન

**ડૉ. પંકજ આઇ. પરમાર**
સિનીયર લેકચરર અને
ડિસ્ટ્રીક્ટ ઇનોવેશન સેલ કો-ઓર્ડીનેટર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.



Scanned with OKEN Scanner

## પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના ઈનોવેટીવ શિક્ષકની યાદી

| ક્રમ | શિક્ષકનું નામ | શાળાનું નામ | તાલુકો | મોબાઈલ નંબર | પેજ નં. |
|---|---|---|---|---|---|
| ૧ | જીજ્ઞેશભાઇ વી. પટેલ | શ્રી કરણગઢ પે. સેન્ટર શાળા | વઢવાણ | ૯૦૯૯૯ ૦૩૧૧૨ | ૬ |
| ૨ | દિનેશકુમાર રાજાભાઇ રાઠોડ | શ્રી ચમારજ પગાર કેન્દ્ર શાળા | વઢવાણ | ૮૭૫૮૦ ૦૫૮૦૦ | ૭ |
| ૩ | બાબુભાઇ ઉકાભાઇ ઘોડકીયા | શ્રી વડોદ પે. સેન્ટર શાળા | વઢવાણ | ૯૪૨૮૮ ૧૨૨૮૬ | ૮ |
| ૪ | પરમાર સુરેશભાઇ ઇશ્વરભાઇ | શ્રી જુના રાયસંગ પ્રાથમિક શાળા | મુળી | ૯૯૨૫૭ ૮૭૪૬૩ | ૯ |
| ૫ | રાઠોડ મુકેશભાઇ કુબેરભાઇ | શ્રી પે.સે.શાળા નં.૨, ચુડા | ચુડા | ૯૪૨૮૮ ૧૨૧૩૮ | ૧૦ |
| ૬ | પરાગભાઇ હસમુખરાય દવે | શ્રી ભાણેજડા પ્રા.શાળા | ચુડા | ૯૫૩૭૩ ૧૦૦૭૭ | ૧૧ |
| ૭ | સુરેશભાઇ ઘનશ્યામભાઇ સુતરીયા | શ્રી બજરંગપુરા પ્રા.શાળા | લખતર | | ૧૨ |
| ૮ | તરૂણકુમાર નગીનભાઇ પટેલ | શ્રી સડલા પ્રા.શાળા | દસાડા | ૯૯૭૮૧ ૬૬૦૫૫ | ૧૩ |
| ૯ | સીદાતર સોહિલભાઇ એ. | શ્રી બાબાજીપરા પ્રા.શાળા | લખતર | ૯૯૨૪૯ ૭૧૮૮૭ | ૧૪ |
| ૧૦ | અજયભાઇ એન. રાવલ | શ્રીમતિ બી.એ.કન્યા વિદ્યાલય | લીંબડી | ૯૮૭૯૮ ૦૬૯૬૮ | ૧૫ |
| ૧૧ | સુરેશભાઇ બાબુભાઇ ધોરિયા | શ્રી સી.ડી.કપાસી હાઇસ્કૂલ, ચુડા | ચુડા | ૯૨૬૫૬ ૦૪૩૭૬ | ૧૬ |
| ૧૨ | ડામોર અતુલભાઇ વાલજીભાઇ | શ્રી સુખસર પ્રા.શાળા નં.૧ ચોટીલા | ચોટીલા | ૯૯૦૪૪ ૪૧૭૧૦ | ૧૭ |
| ૧૩ | સભાણી વિપુલકુમાર નાનજીભાઇ | શ્રી પે.સે.શાળા, મોટા અંકેવાળીયા | ધ્રાંગધ્રા | ૯૯૨૫૯ ૩૯૨૯૩ | ૧૮ |
| ૧૪ | શંકરભાઇ પ્રાગજીભાઇ કણઝરિયા | રૂપાવટી(થાન) પ્રા.શાળા | થાનગઢ | ૮૦૦૦૩ ૩૧૪૧૧ | ૧૯ |
| ૧૫ | હર્ષિત અનિલકુમાર શુકલ | શ્રી નાનીકઠેચી પે.સેન્ટર કુ.શાળા | લીંબડી | ૮૭૮૦૬ ૮૨૩૮૫ | ૨૦ |
| ૧૬ | કૌશિકકુમાર પી. પ્રજાપતિ | શ્રી વસાડવા પ્રા.શાળા | ધ્રાંગધ્રા | ૯૪૨૭૭ ૧૧૪૮૦ | ૨૧ |
| ૧૭ | ભગવતદાન ગુલાબસંગ ગઢવી | શ્રી ઝાડિયાણા પ્રા.શાળા | પાટડી | ૯૯૦૯૨ ૩૯૬૬૮ | ૨૨ |
| ૧૮ | ચૌહાણ નરેન્દ્રભાઇ રતનશીભાઇ | પ્રાથમિક શાળા નં.-૩ | ચુડા | ૯૪૨૮૦ ૦૨૯૩૦ | ૨૩ |
| ૧૯ | ડાભી જાદવભાઇ ભગવાનભાઇ | શ્રી સોનઠા પ્રા.શાળા | ચુડા | ૯૪૨૮૬ ૦૫૧૫૭ | ૨૪ |
| ૨૦ | ચેતનકુમાર જયરામભાઇ સાધુ | શ્રી ચાચકા પ્રા.શાળા | ચુડા | ૮૧૨૮૭ ૯૯૩૮૦ | ૨૫ |
| ૨૧ | અજીતભાઇ એસ. ચાવડા | શ્રી સોમાસર પ્રા.શાળા | મુળી | ૯૬૬૨૨ ૯૭૨૯૮ | ૨૬ |
| ૨૨ | રમેશચંદ્ર સી. મુલિયા | શ્રી પે.સેન્ટર શાળા નં.-૭, જોરાવરનગર | વઢવાણ | ૯૫૭૪૩ ૬૦૫૬૨ | ૨૭ |
| ૨૩ | રિતેશભાઇ કિરીટભાઇ વાઘેલા | શ્રી પ્રા.શાળા નં.-૧, લીંબડી | લીંબડી | ૯૭૨૩૪ ૩૫૬૪૬ | ૨૮ |
| ૨૪ | પંચાલ નિતીનકુમાર ભરતકુમાર | વડીયા પ્રા.શાળા નં.-૧ | સાયલા | ૮૨૩૮૯ ૧૪૩૫૫ | ૨૯ |
| ૨૫ | ડાંગર વીરમભાઇ નાનુભાઇ | શ્રી ગઢેચી પ્રા.શાળા | ચોટીલા | ૯૦૯૯૪ ૪૧૫૫૫ | ૩૦ |
| ૨૬ | જીવણભાઇ બી. વાઘેલા | શ્રી શિયાણી પ્રાથમિક શાળા નં.-૩ | લીંબડી | ૯૯૯૮૫ ૦૦૭૦૮ | ૩૧ |
| ૨૭ | ખોજાણી રૂબીનાબેન એમ. | શ્રી પે. સેન્ટર શાળા નં.-૧, શીયાણી | લીંબડી | ૯૭૨૩૦ ૭૬૬૫૫ | ૩૨ |
| ૨૮ | ધોસિયા આશાબેન મુળુભાઇ | શ્રી ધારૈઇ પ્રાથમિક શાળાનં.-૧, | ચોટીલા | ૯૯૨૪૯ ૦૨૬૩૫ | ૩૩ |
| ૨૯ | રેણુબેન ગણેશદત્ત જોષી | શાળા નં.-૨, પાણશીણા | લીંબડી | ૮૮૬૬૨ ૦૩૨૬૯ | ૩૪ |
| ૩૦ | મુકેશકુમાર સી. બદ્રેશીયા | પ.સે.શાળા નં.૧૬ | વઢવાણ | ૯૮૭૯૪ ૯૭૫૫૫ | ૩૫ |
| ૩૧ | ડૉ.રોહિતભાઇ બગથરીયા | ગર્વમેન્ટ સેકન્ડરી સ્કુલ, પીપરાલી | ચોટીલા | ૯૯૯૮૪૩૮૮૮૮ | ૩૬ |
| ૩૨ | મેંઢા ધ્વનિબેન એ. | શ્રી કુકડા પ્રા.શાળા | મુળી | ૯૪૦૮૮ ૮૯૮૨૬ | ૩૭ |



Scanned with OKEN Scanner

| ક્રમ | શિક્ષકનું નામ | શાળાનું નામ | તાલુકો | મોબાઇલ નંબર | પેજ નં. |
|---|---|---|---|---|---|
| ૩૩ | હાર્દિકભાઇ વી. પટેલ | શ્રી ચમારજ પગારકેન્દ્ર શાળા | વઢવાણ | ૯૬૬૪૫ ૦૬૧૬૭ | ૩૮ |
| ૩૪ | હિતેષકુમાર જગદીશકુમાર ચાવડા | શ્રી ઉચ્ચ પ્રાથમિક શાળા નં.-૧૩ | થાનગઢ | ૯૯૦૪૪ ૮૪૩૩૬ | ૩૯ |
| ૩૫ | પ્રતાપભાઇ ગંગારામભાઇ જાદવ | શ્રી જેગડવા ઉચ્ચત્તર પ્રા.શાળા | ધ્રાંગધ્રા | ૯૭૨૩૯ ૮૨૬૧૦ | ૪૦ |
| ૩૬ | કનુજી કેશાજી ઠાકોર | શ્રી છત્રોટ પ્રા.શાળા | પાટડી | ૯૭૩૭૫ ૭૩૬૮૩ | ૪૧ |
| ૩૭ | રૂપાલા મેહુલકુમાર આર. | નાડધ્રી પ્રા.શાળા | મુળી | ૯૮૭૯૭ ७૬૨૪૮ | ૪૨ |
| ૩૮ | પ્રવિણભાઇ કાળુભાઇ રેથળીયા | શ્રી ભલગામડા પ્રા.શાળા | લીંબડી | ૯૮૨૪૬ ૧૦૬૯૭ | ૪૩ |
| ૩૯ | રીનાકુંવરબા ચંદ્રસિંહ ઝાલા | શ્રી સૌકા પ્રા.શાળા | લીંબડી | ૯૪૦૮૯ ૪૨૩૭૩ | ૪૪ |
| ૪૦ | તૃપલકુમારી એલ. દેત્રોજા | શ્રી ઉંડવી પ્રા.શાળા | થાનગઢ | ૬૩૫૧૦૯૩૬૯૭૯ | ૪૫ |
| ૪૧ | લાલજીભાઇ ભવાનભાઇ પંચાલ | શ્રી હાથીપુરા પ્રા.શાળા | દસાડા | ૯૪૨૭૩ ૨૩૦૪૬ | ૪૬ |
| ૪૨ | ડૉ. દિપકકુમાર રતિલાલ મહેતા | શ્રી જેપર પ્રા.શાળા | ચુડા | ૯૮૯૮૭ ૩૧૯૩૬ | ૪૭ |
| ૪૩ | કરશનભાઇ દેવજીભાઇ શાક્ય | દોલતપર પ્રા.શાળા | લીંબડી | ૯૯૨૪૧ ૮૭૩૨૧ | ૪૮ |
| ૪૪ | કંદર્પ સી. વ્યાસ | શ્રી ઢાંકી પ્રા.શાળા | લખતર | ૯૦૧૬૯ ૦૧૫૬૩ | ૪૯ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** **ખેલોગે કૂદોગે તો બનોગે મહાન**

**શિક્ષકશ્રીનું નામ** **જીજ્ઞેશભાઈ વી. પટેલ**


મોબાઈલ નં. ૯૦૯૯૯ ૦૩૧૧૨ ઈમેઈલ : ----

શાળાનું નામ **શ્રી કરણગઢ પે. સેન્ટર શાળા, તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.**


હેતુઓ

૧. બાળકોમાં સ્વયં શિસ્ત તથા અનુશાસનના ગુણોનો વિકાસ થાય.
૨. સ્વાવલંબી બની શકે.
૩. શારીરીક તંદુરસ્તી જાળવી શકે.
૪. ગામ અને શાળા એક બને.
૫. શાળાના કાર્યોમાં ગામની સક્રિય ભાગીદારી વધે.

કાર્ય પદ્ધતિ

શિક્ષણ એ દ્વિધ્રુવી પ્રક્રિયા છે. શિક્ષણમાં જયારે સમાજનો સહકાર પ્રાપ્ત થાય ત્યારે સોનામાં સુગંધ ભળે. આ હેતુને સર કરવા માટે શ્રી કરણગઢ પે.સે. શાળામાં રમત-ગમત ક્ષેત્રે અનેરી સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે સમાજનો સહકાર પ્રાપ્ત કરવામાં આવ્યો. તે માટે ગામના નવ યુવાનો સાથે ચર્ચા વિચારણા કરી યુવા શક્તિનો મહત્તમ ઉપયોગ કરવામાં આવ્યો જેમાં...

૧. ગામના ત્રણ યુવાનો શાળા સમય બાદ બાળકોને રમત-ગમતની વિશેષ તાલીમ આપતા. ખાસ કરીને સવારના સમયે દરરોજ પ્રક્ટિસ કરાવતા.
૨. કેટલાક યુવાનોએ ધો-૮ના બાળકોને દિવાળીના વેકેસનમાં NMMS ની તૈયારી કરાવી જેના પરિણામે વર્ષ ૨૦૧૭-૧૮માં બે બાળકોનો મેરિટમાં સમાવેશ થયો.
૩. કેટલાક યુવાનોએ ધો-૮ના બાળકોને દિવાળીમાં વેકેસનમાં NMMS ની તૈયારી કરાવી જેના પરિણામે વર્ષ ૨૦૧૭-૧૮માં બે બાળકોનો મેરિટમાં સમાવેશ થયો.
૪. સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારી કરાવવામાં પણ ગામલોકોનો સહકાર મેળવવામાં આવે છે.

સાધન સામગ્રી

- રમત ગમતનાં સાધનો, મેડિસીન બોલ વગેરે.

ઉપલબ્ધિ

- ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાએ ત્રીજો ક્રમાંક મેળવી ૧૦,૦૦૦/-નું ઈનામ મેળવ્યુ.
- દોડમાં રાજ્ય કક્ષા સુધી ભાગ લઈ શક્યા.
- સતત પ્રેકટિસને પરિણામે વર્ષ ૨૦૧૭-૧૮માં શાળામાંથી ૬(છ) બાળકોએ સ્પોર્ટસ સ્કુલમાં વિના મૂલ્યે એડમીશન મેળવ્યું.
- ગ્રામલોકોએ આવી સિદ્ધિઓથી પ્રેરીત થઈ શાળાની બાજુની જમીન રમતનું મેદાન બનાવવા માટે શાળાને અર્પણ કરી.

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** | **દિવ્યાંગોની દોસ્તી**

**શિક્ષકશ્રીનું નામ** | **શ્રી દિનેશકુમાર રાજાભાઈ રાઠોડ**

મોબાઇલ નં. ૮૭૫૮૦૦૫૮૦૦ ઇમેઇલઃ ----

શાળાનું નામ શ્રી ચમારજ પગાર કેન્દ્ર શાળા

હેતુઓ

૧. દિવ્યાંગ બાળકોને સાથે સહાનુભુતિ રાખવી.
૨. દિવ્યાંગ બાળકોનો સામાન્ય શાળામાં સામાન્ય બાળકો સાથે સમાવેશ.
૩. દિવ્યાંગ બાળકોમાં ગેર હાજરીનું પ્રમાણ ઘટાડવું.
૪. દિવ્યાંગ બાળકો સાથે અન્ય ભાળકોનો અણગમો દૂર કરવો.
૫. દિવ્યાંગ બાળકોનું શાળામાં સ્થાયીકરણ.

કાર્ય પદ્ધતિ

અમારી શાળા શ્રી ચમારજ પગાર કેન્દ્ર શાળામાં નવા દાખલ થતા બાળકોમાં દર વર્ષે એક બે દિવ્યાંગ બાળકો દાખલ થાય છે. આવા બાળકો પ્રત્યે એક શિક્ષક તરીકે મને ખુબ જ લગાવ. પરંતુ અન્ય બાળકો આવા દિવ્યાંગ બાળકો સાથે થોડો અણગમો, ભેદભાવ કે અંતરાય રાખતા. તેથી મને વિચાર આવ્યો કે શરૂઆત મારાથી જ કરૂ.. કેમ કે આવા દિવ્યાંગ બાળકો પ્રત્યે મને પહેલાથી જ લાગણી. એટલે મે આવા દિવ્યાંગ બાળકોને ધીમે ધીમે વ્હાલથી નજીક લાવવાનો પ્રયાસ કર્યો. રિશેષના સમયે કે શાળાએ આવવાના સમયે તેને વ્હાલ કરતો. સાથે મારો લાવેલ નાસ્તો આપતો અને સાથે નાસ્તો કરતો. જે હું ખાતો તે આવા બાળકોને ખવડાવતો. આમ આવા બઆળકોની નજીક આવ્યો.

ઘણીવાર ટ્રાયસિકલ હું જાતે ચલાવી શાળાએ લાવતો કે શાળા સમય બાદ તેની સાથે જતો. આવા પ્રયોગથી શાળાના અન્ય બાળકોએ આ જોયું. અને ધીમે ધીમે ધો-૮ ની બાળાઓએ આવા દિવ્યાંગ બાળકોને ઘેરતી શાળાએ લાવવા અને શાળામાંથી ઘેર લઇ જવાની જવાબદારી સ્વયં સ્વીકારી ઉમદા ઉદાહરણ પુરુ પાડેલ છે, શાળાના અન્ય બાળકો પણ સ્વયં દિવ્યાંગ બાળકોને મદદરૂપ કરતા થયા. આમ દિવ્યાંગ બાળકો નિયમિત શાળાએ આવતા થયા.

ઉપયોગીતા

આ પ્રયોગ ખુબજ સફળ રહ્યો. દિવ્યાંગ બાળકો સાથે અન્ય બાળકો હળીમળીને રહેવા લાગ્યા. દિવ્યાંગ બાળકો મૂળ પ્રવાહમાં ભળવા લાગ્યા. દિવ્યાંગ બાળકો સાથેનો અણગમો દૂર થયો. દિવ્યાંગ બાળકોને પોતાનામાં રહેલો ડર દૂર થયો.

-

ઉપલબ્ધિ -

આ મારા નવતર પ્રયોગથી શાળામાં ભણતા આન્ય બાળકો દિવ્યાંગ બાળકો સાથે હળીમળીને રહેતા થયા. ભણતા થયા. અને દિવ્યાંગ બાળકોને પણ મનથી એવુ લાગતું થયુ કે હવે અમે દિવ્યાંગ નથી એમ ફીલ થતુ હોય એવુ દેખાય આવે છે. દિવ્યાંગ બાળકો શાળાએ હોંશે હોંશે આવે છે.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** વાંચનનો વિચાર, લેખનની લત

**શિક્ષકશ્રીનું નામ** બાબુભાઈ ઉકાભાઈ ઘોડકિયા

મોબાઇલ નં. ૯૪૨૮૮૧૨૨૮૬ ઇમેઇલઃ ----

શાળાનું નામ શ્રી વડોદ પે. સેન્ટર શાળા, તા.વઢવાણ

હેતુઓ

૧. બાળકોમાં સર્જનાત્મકતા વિકસે
૨. નકામી વસ્તુઓમાંથી નવુ સર્જન કરે.
૩. નવા સર્જનથી શિક્ષણમાં રસ જાગૃત થાય
૪. સર્જનાત્મકતા પારખવાનો મોકો મળે.
૫. વર્તમાન સમયમાં સર્જન ક્ષેત્રે મોટુ માયિમ મળે.
૬. લાંબા અનુભવથી આનંદ મેળવે.

કાર્ય પદ્ધતિ

૧. શાળાના સમયપત્રકમાંથી યોગ્ય સમયની પસંદગી કરી ૦ થી ૫ ગુણ ધરાવતા સૌ બાળકોને મિશન વિદ્યામાં સમાવિષ્ટ કરી સર્જનનો સહારો લઇ રસ ઉપજે અને હોંશે હોંશે શીખે તેવી પ્રવૃતિ કરાવી રચનાત્મકતા દ્વારા તમામ બાળકોમાં સારુ પરિણામ મેળવી શકાય છે. કલર, કાગળ તથા કાર્ડશીટના બનાવેલા કુતુહલ પ્રેરક રમકડા અને ઓરીગામી આર્ટ નમુનાને સુયોગ્ય રીતે બનાવીને વાંચન ગણન લેખન સારી રીતે અને ઝડપથી શીખવી શકાય છે. સરપ્રાઇઝ બોક્સ, અને એન્ડ લેશ બોક્સ બાળકમાટે કુતુહલ પ્રેરક હોવાથી બોક્સમાં રહેલી શિક્ષણની માહિતી તથા શિખવવાની બાબતોને યાદ રાખી શકે છે. દરેક બાળકને સર્જનનો પુરતો સમય મળતો હોવાથી સર્જનની સાથે સાથે નવુ શીખવાની પણ તાલાવેલી રહે છે. શાળામાં ઉપલબ્ધ કે શાળા બહારની નકામી વસ્તુઓ કે જે લાંબા સમય સુધી નષ્ટ થતી નથી તેને ફેંકવાને બદલે તેમાથી નવુ સર્જન કરી મિશન વિદ્યામાં ખુબ ઉપયોગી સર્જન બનાવી શકાય.

સાધન સામગ્રી કલર કાગળ, કાર્ડશીટ, નકામા પુંઠા, ફેવીકોલ, કાતર, સોય, દોરો વિગેરે

ઉપલબ્ધિ - વર્તમાન સમયમાં ૦ થી ૫ ગુણ ધરાવતા બાળકો માટે સરકારશ્રીનો નવો અભિગમ મિશન વિદ્યા ખરેખર આવકાર દાયક રહ્યો છે. જેના લીધે બાળકોમાં સારુ પરિણામ મળ્યુ છે. ત્યારે મિશન વિદ્યાની ઉપયોગીતા અદકેરી સાબિત થઇ છે.

ઉપલબ્ધિ : મિશન વિદ્યાને સર્જનાત્મકતાના બીબામાં ઢાળી બાળકોને સર્જન સાથે શીખવાનો મોકો મળ્યો. બાળકોમાં નિયમિતતા અને શિખવાની તમન્નામાં પણ વધારો થયો. ઓછા સમયમાં ઘણુ શિખવાનો પ્રયોગ સર્જન દ્વારા સિધ્ધ થયો.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| **ઈનોવેશનનું નામ** | **બાળકોને વાંચન લેખન કૌશલ્યના વિકાસ માટે ઉપયોગી અધ્યયન સાધન સામગ્રી** |
| **શિક્ષકશ્રીનું નામ** | **પરમાર સુરેશભાઈ ઈશ્વરભાઈ** |


મોબાઈલ નં. ૯૯૨૫૭૮૭૪૬૩ ઈમેઈલઃ ----

શાળાનું નામ શ્રી જુના રાયસંગપર પ્રાથમિક શાળા


હેતુઓ

૧. વાંચન, લેખન કૌશલ્યમાં બાળકનું દ્દઢીકરણ થાય.
૨. ભાષા શિક્ષણ પ્રત્યે રસ અભિરૂચિ વધે છે.
૩. બાળકમાં વાંચન લેખન કૌશલ્યમાં સફળતા મેળવે છે.

કાર્ય પદ્ધતિ

ધો-૧ (એક) અને ધો-૨ (બે) (પ્રજ્ઞા અભિગમ) અંતર્ગત વર્ગખંડમાં જયારે બાળકોને વાંચન અને લેખન આ કૌશલ્યને સિધ્ધ કરવા માટે આપણે વર્ગખંડમાંબાળકોને હંમેશા તેમની નજર સમક્ષ અધ્યયન સામગ્રી રહે તેવી સામગ્રી રાખવી જોઇએ. આ સામગ્રીથી બાળકોમાં લેખનની સાથે સાથે વાંચન કરવામાં રસ ઉત્પન્ન થાય તેવી સામગ્રી હોવી જોઈએ. જેમાં વિવિધ ચિત્રો બનાવીને તે ચિત્રો એવા બનાવવા કે બાળક ચિત્ર તો જુએ પણ સાથોસાથ તેમા લખેલ લખાણ બાળક વાંચન કરવા માટે પ્રેરાય તેવા બનાવવા જોઇએ.

વર્ગખંડમાં જેટલી રોચક સામગ્રી હશે તેટલી જ બાળકોને તે સામગ્રીમાં રસ દાખવશે. બાળકોને ચિત્ર પ્રત્યે ઘણો લગાવ રહે છે. તો વર્ગખંડમાં ચિત્રના આધારે બાળક વાચંન અને લેખનમાં સિધ્ધિ મેળવે તો તેને મહદ અંશે સફળતા પ્રાપ્ત થાય છે.

સાધન સામગ્રી

કાર્ડશીટ, ગુંદર, કાતર, કલર, પેન્સિલ-રબર

ઉપયોગીતા

૧. ધો.૧ અને ધો.૨ માં બાળકોને જે વાંચન અને લેખન કૌશલ્ય છે તે ખુબજ મહત્વનું છે અને તેમાં તેને સફળતા મળશે.
૨. ઉપલા વર્ગમાં જયારે જશે ત્યારે કૌશલ્યમાં નિપુણ બનશે.
૩. ભાષા શિક્ષણ પ્રત્યે રસ અભિરુચિ રહે છે.

ઉપલબ્ધિ

- ધોરણ-૧
(૧) સાદા શબ્દો સાંભળીને લખે છે અને સરળ વાક્યો વાંચે છે.
(૨) ચિત્ર જોઇને ટુંકમાં વર્ણન કરે છે.

- ધોરણ-૨
(૧) પરિચિત શબ્દો અને વાક્યોનું શ્રુતલએખન કરે છે.
(૨) પાઠનું વાંચન મોટેથી કરે છે.



Scanned with OKEN Scanner

## EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** A Wonderful Creations

**શિક્ષકશ્રીનું નામ** રાઠોડ મુકેશભાઈ કુબેરભાઈ


મોબાઇલ નં. ૯૪૨૮૮૧૨૧૩૮ ઇમેઇલઃ ----mkrathod7578@gmail.com

શાળાનું નામ શ્રી પે. સે. શાળા નં. ૨, ચુડા, જી.સુરેન્દ્રનગર


હેતુઓ
૧. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય.
૨. સર્જન કાર્યમાં રસ રુચિ પેદા થાય.
૩. વિદ્યાર્થી સર્જન દ્વારા કાંઇક નવુ બનાવવા પ્રયત્નશીલ બને.
૪. વિદ્યાર્થી વેસ્ટ માંથી બેસ્ટ બનાવતા થાય.
૫. વિદ્યાર્થીની આંતરિક શક્તિને પારખવાનો અવસર મળે.
૬. સહપાઠી સાથે સહકાર અને સમુહ ભાવના વિકસે
૭. પ્રોજેક્ટ વર્ક કરી અહેવાલ તૈયાર કરી શકશે.

કાર્ય પદ્ધતિ

વિદ્યાર્થી શાળામાંથી ઘરમાઁથી અને બજારમાંથી મળતી પસ્તી અને સસ્તી વસ્તુઓને પ્રોજેક્ટ કાર્યના ઉપયોગ હેતુ એકત્ર કરે. અઠવાડીયામાં એકાદ દિવસ શિક્ષણના એક આનુષંગિક કાર્યનું સર્જન કરાવવું. વિદ્યાર્થીઓને આ પ્રવૃતિઓ કરવા જરૂરી માર્ગદર્શન આપી સમુહમાં તેમજ વ્યક્તિગત મૌખિક ચર્ચા કરવી. તેના માટે જરૂરી મટીરીયલ્સ માટે વ્યવસ્થા કરવી. વિદ્યાર્થીઓએ સમયાંતરે તૈયાર કરેલ પ્રોજેક્ટને પ્રાર્થના સભામાં સર્જનાત્મક હેતુ પ્રદર્શિત કરવા. પ્રોજેક્ટ કાર્યથી અભ્યસક્રમના અમુક કઠીન બિંદુઓ / મુદ્દાઓ પણ હળવાશથી લેવા માટે પ્રયત્નો કરાવવા. વિદ્યાર્થીઓએ કરેલુ સર્જન ડિસ્પ્લે બોર્ડમાં મુકવા. બઆળકોને શિક્ષણમાં રસ જળવાઇ રહે તેમજ રમતા રમતા આવો પ્રોજેક્ટ સર્જન પ્રવૃતિઓ કરતા થાય તેવો માહોલ કરી વેસ્ટ માંથી બેસ્ટ બનાવવાની પ્રવૃતિઓ કરી શકાય. જે અલગ-અલગ પ્રકરણમાં ઉપયોગ માં લઇ શકાય છે.

ઉપયોગીતા

વિદ્યાર્થીઓએ પોતાની જાતે તૈયાર કરેલ પ્રવૃતિઓ માંથી અવશ્ય કાંઇક નવુ શીખે છે. જાતે કરેલ સર્જનાત્મક પ્રોજેક્ટ પ્રવૃતિમાં ઓતપ્રોત થવાથી તેમનો આવડતમાં વધારો થાય છે. પ્રોજેક્ટ પ્રવૃતિઓ કરવાથી તેમાની સર્જનાત્મકતા નિહાળી અન્ય વિદ્યાર્થીઓને પણ પ્રેરણા મળે છે. બીજા વિદ્યાર્થીઓ પણ હોંશે હોંશે સર્જનાત્મક પ્રવૃતિઓમાં જોડાઇને પોતાની અણ આવડતથી મુક્તિ મેળવે છે. તેમજ હસ્તકલાનો વિકાસ થાય છે. આમ, વિદ્યાર્થીઓ પોતો કાંઇક નવ સર્જન કર્યાનો આનંદનો અનુભુતિ અનુભવે છે.

સાધન સામગ્રી

કાર્ડશીટ, પુંઠા, ગુંદર, ફેવીકોલ, સ્કેચપેન, કલર કાગળ, ટીકા, થર્મોકોલની ગોળીઓ, જુના છાપાઓ, જુના પાઠ્યપુસ્તક, અન્ય પુસ્તકો, જુની કંકોત્રીઓ ચિત્રો વગેરે

ઉપલબ્ધિ : ૩.૭.૨ પ્રોજેક્ટ વર્ક કરશે અને અહેવાલ તૈયાર કરી શકશે.
૧.૬.૩ રમતો પ્રવૃતિઓ, મુલાકાતો
૧.૭.૩ પ્રોજેક્ટ કાર્ય દ્વારા સમજ
૧.૮.૩ કેળવી શકશે.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| ઈનોવેશનનું નામ | ધો.૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓમાં Funny Cartoon Character with English Grammar |
|---|---|
| શિક્ષકશ્રીનું નામ | પરાગભાઈ હસમુખરાય દવે |

મોબાઇલ નં. ૯૫૩૭૩૧૦૦૭૭ ઈમેઈલ: ----paragdave83@gmail.com

શાળાનું નામ શ્રી ભાણેજડા પ્રા. શાળા, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર

હેતુઓ

૧. બાળકો ૧૨ કાળને ઓળખે, સમજે અને જાણીને તેનો ઉપયોગ કરતા શીખે.

૨. બાળકો ૧૨ કાળની વાક્ય રચના અને ટેબલના રૂપોને જાણે.

૩. બાળકો કાર્ટુન પાત્રો દ્વારા અંગ્રેજી વ્યાકરણના તમામ પ્રકરણને જાણે તે પણ આનંદ કરતા તેમજ રમત રમતા રમતા

૪. બાળકોમાંથી અંગ્રેજી વ્યાકરણનો ડર દૂર કરી ભાષાને વ્યાકરણ દ્વારા સહેલાઇથી આનંદી ફની કાર્ટુન પાત્રો દ્વારા વ્યાકરણ શીખી શકે.

૫. બાળકો વ્યાકરણ દ્વારા વ્યવહારુ જ્ઞાન પ્રાપ્ત કરતા થાય (શીખે)

કાર્ય પદ્ધતિ

અંગ્રેજી ભાષામાં ધો. ૬ થી ૧૨ માં બાળકો વ્યાકરણને રમત રમતા રમતા વ્યાકરણના પ્રકરણો જેવા કે સર્વનામ, ઈવશેષણ, ક્રિયાપદ, કર્તરિ, કર્મણી, પ્રત્યક્ષ, પરોક્ષ રચના, સંયોજકો, નામ તેમજ કામ કાળ, to be ના રૂપો, સહાયકારક ક્રિયાપદો, બાર કાળના ચાર્ટ, સંબંધી સર્વનામ, ભાગ્યાંક, સર્વનામ વગેરે શીખી શકે તેમજ વ્યાકરણ દ્વારા તેમના જીવનમાં આવી અંગ્રેજી ભાષાની કેળવણી પ્રાપ્ત થાય અને રમતા રમતા અંગ્રેજી ભાષાનો ડર દૂર થાય.

સાધન સામગ્રી

કાર્ડ પેપર, સ્કેચપેન, મીણીયા કલર વિગેરે

ઉપયોગીતા

- મૂલ્યાંકન માટે અસરકારકતા વધે.
- બાળક ટી.વી. કાર્ટુન પાત્રોને જાણી અંગડેજી વ્યાકરણ જાણતો થાય.
- બાળકો રમતા રમતા સહેલાઇથી અંગ્રેજી વ્યાકરણ શીખી શકે અને તેનો વ્યવહારીક રીતે ઇંગ્લીશમાં સહેલાઇથી ઉપયોગ કરી શકે.
- બાળકોમાં અંગેજી ભાષાનો ડર દૂર થાય.
- બાળકો ફની કાર્ટુન ચેરેકટરના પપેટ અલગ અલગ રીતે બનાવતો થાય.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** | **સામાજીકત વિજ્ઞાનની સફળતામાં ONLINE QUIZ**

**શિક્ષકશ્રીનું નામ** | **સુરેશભાઈ ઘનશ્યામભાઈ સુતરીયા**


મોબાઇલ નં. ઇમેઇલ: ----sutariayasuresh.sp@gmail.com

શાળાનું નામ શ્રી બજરંગપુરા પ્રાથમિક શાળા, તા.લખતર


સમસ્યા બાળકોનો શિક્ષમ પ્રત્યે રસ-રુચિનો અભાવ

હેતુઓ ૧. વિદ્યાર્થીઓનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન ટેકનોલોજીના માધ્યમથી સરળ અને રસપ્રદ રીતે કરી શકાય છે.

કાર્ય પદ્ધતિ ધો.૬ થી ૮ ના સામાજીક વિજ્ઞાન વિષયની એકમ દિઠ ઓનલાઇન ક્વિઝ TESTMOZ.COM વેબસાઇટના માધ્યમથી બનાવી. સ્વ-નિર્મિત સામગ્રી તૈયાર કરી, તેનો અધ્યયન અધ્યાપનમાં ઉપયોગ કર્યો. આ તમામ એકમની ઓનલાઇન ક્વિઝની લકિન ચાર્ટ સ્વરુપે તૈયરા કરવામાં આવ્યા અને તેનો સીધો ઉપયોગ વિદ્યાર્થીઓ ટેબલેટમાં, મોબાઇલમાં કે કોમ્પ્યુટરમાં ઓનલાઇન ક્વિઝ ટેસ્ટ રમી શકશે અને તેનું પરિણામ જાણી તેમા સુધારાત્મક ફેરફારો પણ કરી શકશે.

સાધન સામગ્રી કોમ્પ્યુટર કે લેપટોપ, ઇન્ટરનેટ કનેકશન, મોબાઇલ કે ટેબલેટ

ઉપયોગીતા
- વિદ્યાર્થીઓ ઓનલાઇન ક્વિઝમાં પોતાનુ નામ લખીને ક્વિઝ રમે છે અને તેનું પરિણામ પણ જાણી શકે છે.
- આ ઓનલાઇન ક્વિઝની લિંક શાળાના તેમજ અન્ય વિદ્યાથીઓને વોટ્સએપ મેસેજ, ટેક્સ મેસેજ, ઈમેલ કે અન્ય રીતે મોકલી શકશે.
- જ્ઞાનકુંજ પ્રોજ્કેટ અંતર્ગત પસંદ થયેલ શાળા આ લિંકને પ્રોજેક્ટરની મદદથી મોટા પડદા પર તેમજ ટેબલેટના ઉપયોગથી ઓનલાઇન ક્વિઝ રમાડી શકશે. તથા તું પરિણામ જાણી શકશે. ઉપરાંત ઓનલાઇન કસોટી આપેલ દરેક વિદ્યાર્થીઓની કસોટીમાં ંળવેલ ગુણની માહિતી પણ મળી જાય છે. જેથી તેની પ્રગતિનો રિપોર્ટ પણ તૈયાર કરી શકાય છે.

ઉપલબ્ધીઓ :
- ધાર્યુ પરિણામ મળતુ થયુ.
- રસ અને રુચિમાં વધારો જોવા મળ્યો.
- બાળકો મોબાઇલમાં ગેમ રમવાને બદલે ઓનલાઇન ક્વિઝ રમતા થયા.
- આ ઓનલાઇન ક્વિઝ દ્વારા ધોરણ ૬ થી ૮ માં આવતા તમામ ક્ષેત્રોમાં અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ થતી જણાય છે.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| **ઈનોવેશનનું નામ** | **વર્ગખંડમાં સરળતાથી હાજરી પ્રક્રિયા દ્વારા અનુશાસન અને શિક્ષણ** |
| **શિક્ષકશ્રીનું નામ** | **તરૂણકુમાર નગીનભાઈ** |


મોબાઈલ નં. ૯૯૭૮૧૬૬૦૫૫ ઈમેઈલ: ----

શાળાનું નામ શ્રી સડલા પ્રાથમિક શાળા, તા.દસાડા, જી.સુરેન્દ્રનગર


હેતુઓ

૧. વર્ગખંડમાં હાજરી પ્રક્રિયા દરમ્યાન બાળકોમાં શિસ્ત અને અનુશાસનનો વિકાસ થાય.
૨. બાળકો એકાગ્રતા પૂર્વક હાજરી પ્રક્રિયામાં જોડાય.
૩. બાળકો સંસ્કૃત શ્લોક અને સુભાષિતોનું લયબદ્ધ ગાન કરે છે.
૪. બાળકોમાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું સિંચન

કાર્ય પદ્ધતિ

શાળામાં વર્ગખંડમાં અધ્યયન, અધયાપન પ્રક્રિયાની શરૂઆત વર્ગના બાળકોની હાજરી ચકાસણીથી થાય છે. જે હાજરી પ્રક્રિયા શિસ્ત અને અનુશાસનથી થાય તે હેતુથી બાળકોને નીચે મુજબ પગલા લેવા જોઈએ.

૧. સૌપ્રથમ શિક્ષક બાળકોને હાજરી માટે તૈયાર જેવા ઉચ્ચારણથી શિસ્તમાં (હાથ જોડીને) બેસવા તૈયાર કરાવશે.
૨. બાળકો ત્રણ વખત ઓમકાર કરશે.
૩. ઓમકાર બાદ ગાયત્રી મંત્રનું સમુહમાં ગાન કરશે.
૪. હવે શિક્ષક દ્વારા હાજરી પૂરવામાં આવે છે.
૫. હાજરી પૂર્તિના અંતે બાળકો સરસ્વતી વંદના શ્લોક, સુભાષિત કે અભ્યાસમાં આવતા શ્લોકોનું ગાન કરશે.
૬. અંતે શાંતિમંત્રનું ઉચ્ચારણ કરીને હાજરી પ્રક્રિયા પૂર્ણ કરશે.

સમગ્ર વર્ષ દરમ્યાન શિક્ષક બાળકોના અભ્યાસમાં રહેલા શ્લોક, સુભાષિતનો સમાવેશ કરશે. જેમાં દર પંદર દિવસે શ્લોક બદલતા રહેવાથીબધા શ્લોક કંઠસ્થ થાય છે અને ગાન કરે છે.

ઉપયોગીતા

- વર્ગખંડમાં હાજરી પ્રક્રિયા શિસ્તબધ્ધ અને સરળતાથી પૂર્ણ થાય છે.
- બાળકોમાં શિસ્ત અને અનુશાસનનો ગુણ કેળવાય છે.
- બાળકોમાં (ધો.૬ થી ૮) સંસ્કૃત વિષયમાંના શ્લોક, સુભાષિત કંઠસ્થ થાય છે. અને તેનુ લયબધ્ધ ગાન કરે છે.

ઉપલબ્ધી

૧. સંસ્કૃત પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સુભાષિતો તેમજ શ્લોકો અંગે સભાનતા કેળવશે અને વ્યવહારમાં ઉપયોગ કરશે. (અ.નિષ્પપતિ - ૫.૭.૨)
૨. સરળ સુભાષિત અને ગીતોનું લયબધ્ધ પઠન અને ગાન કરી શકશે. (અ.નિષ્પતિ ૩.૬.૩)




Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018 / 19



| | |
|---|---|
| ઈનોવેશનનું નામ | વાંચન, ગણન, લેખન નબળાઇ દૂર કરવા માટે કરેલ પ્રયોગ |
| શિક્ષકશ્રીનું નામ | સીદાતર સોહિલભાઇ એ. |


મોબાઇલ નં. ૯૯૨૪૯૭૧૮૮૭ ઈમેઇલઃ ----

શાળાનું નામ શ્રી બાબાજીપરા પ્રા.શાળા, બાબાજીપરા, તા.લખતર, જી.સુરેન્દ્રનગર


કાર્ય પદ્ધતિ

૧. નળકાંઠા વિસ્તારમાં આવેલી અમારી શાળા જેના કારણે ગામ લોકોનો મુખ્ય રોજગાર બહારગામ અને પોતાના ગામમાં મજુરી કામ કરવાનો આથી બાળકો મુખ્યત્વે વાલી સાથે બહારગામ જતા રહેતા. આથી બાળકોને આપેલ જ્ઞાન સચવાતુ નહોતુ જેના કારણે બાળકો નબળા અને પરિણામ પણ નબળુ પ્રાપ્ત થતું. ગણન અને વાંચનમાં બાળકોની નબળાઇ ખુબ જોવા મળતી આથી આ સમસ્યાનો ઉકેલ લાવવો ખુબ જરુરી હતો. મોબાઇલ, ઇન્ટરનેટ અને સોશ્યલ મીડીયાના આ યુગમાં મને અને અમારા સાથી મિત્રોને નવો વિચાર આવ્યો. આથી અમે વાંચન, લેખન, ગણત આધારીત પીડીએફ ફાઇલ તૈયાર કરી જેમાં બાળકની ક્ષમતાને ધ્યાનમાં લઇ ખુબ સરસ ફાઇલ બનાવવામાં આવી અને આ ફાઇલ ૩-૭-૮ ના દરેક વિદ્યાર્થીને ઉપલબ્ધ કરાવવામાં આવી. બાળકો ખુબ મહેનતથી આ ફાઇલમાં લેખન અને ગણન કાર્ય તેમજ વાંચનમાં રસ લીધો. રોજરોજના કાર્યની ચકાસવામાં આવ્યુ. ધીમે ધીમે પરિણામ સારુ મળતુ ગયું. આમ બાળકોમાં ઉત્સાહ વધતો ગયો અને પરિણામમાં સુધારો આવ્યો. ઝડપથી અને સારી રીતે જે બાળક ફાઇલનું કાર્ય પૂર્ણ કરે તેને ઇનામ આપવુ તેમજ પ્રાર્થના સભામાં અભિનંદન પાઠવા વિગેરે કાર્યો દ્વારા બાળકોને પ્રોત્સાહન પુરુ પાડવામાં આવ્યુ.

સાધન સામગ્રી કાગળ

ઉપયોગીતા

- દરેક બાળક પોતાની આગવી ફાઇલ બનાવતું થયુ તેની મુશ્કેલીઓની જાણ દરેક શિક્ષક તેમજ સી.આર.સી. અને ચકાસણી કરનાર સાહેબશ્રીને ઝડપથી માલુમ થવા લાગી.
- પ્રશ્નોનું નિરાકરણ થવા લાગ્યુ.
- બાળકોમાં અભ્યાસક્રમ પ્રત્યે જાગૃતતા આવી
- ગણન, વાંચન, લેખનની નબળાઇ દુર થઇ.

ઉપલબ્ધી

- બાળકો જે પહેલા ૮ ધોરણ ભણીને અભ્યાસ છોડી દેતા હતા તે આ જે કોલેજ કક્ષા સુધી અભ્યાસ કરે છે.
- ગ્રામ્ય માંથી શહેરો તરફ બાળકો અભ્યાસ માટે આગળ વધ્યા છે.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| ઈનોવેશનનું નામ | પ્રવાહીની મદદથી કોણ માપક બનાવવું. |
| શિક્ષકશ્રીનું નામ | અજયભાઈ એન. રાવલ |

મોબાઈલ નં. ૯૮૭૯૮૦૬૯૬૮ ઈમેઈલ: ----
શાળાનું નામ શ્રીમતિ બી.એ. કન્યા વિદ્યાલય અને કે.જી. શાહ હા.સેકન્ડરી સ્કૂલ, લીંબડી

**હેતુઓ**

૧. પ્રવાહીના લેવલની મદદથી 0 થી ૧૮૦ ના માપના ખુણા માપી શકે.
૨. આ પ્રકારનું અન્ય સાધન બનાવવા માટે પ્રેરાય
૩. વિદ્યાર્થી માપન માટેની અન્ય પદ્ધતિ શોધે.

વિશિષ્ટ હેતુ : સંરક્ષણ ઉડ્ડયન તથા બાંધકામ વગેરે ક્ષેત્રે ઉપયોગી.

**કાર્ય પદ્ધતિ**

સૌપ્રથમ કાચની કસનળી લો. તેમા યોગ્ય રીતે પાણી ભરો (બીજુ પ્રવાહી પણ લઈ શકાય) એટલે બંધ છેડાનો થોડો ભાગ ખાલી રાખો. કસનળીના ખુલ્લા છેડાને રબરના બુચ વડે બંધ કરો. કસનળી બુચ નીચે રહે તેમ રાખતાઉપરના બંધ છેડામાં થોડુ પ્રવાહી ઓછુ રહેશે. એટલે ઉપર હવાનો ભાગ રહેશે ત્યાં ૯૦ અંશનું અને સામ સામે યોગ્ય રીતે કસનળી પરથી અંકન કરો. આ રીતે પ્રવાહી 0 થી ૧૮૦ અંશ તથા વિપરીત કોણની મદદથી ૩૬૦ અંશ સુધીનો ખુણો માપી શકશે.

**સાધન સામગ્રી**

કાચની કસનળી, રબરનું બુચ, માર્કર પેન, બે લાકડાની પટ્ટી, અને ગોળાકાર, કોણમાપક, નટબોલ્ટ

**ઉપયોગીતા**

- કોણમાપકની મદદ વગર ખુણો માપી શકાશે.
- વિદ્યાર્થીને નવુ સાધન જોવા મળશે.
- માત્ર અંકજ્ઞાન ધરાવતો વિદ્યાર્થી પણ ખુણો જોઈ અને ખુણો કેટલા માપનો છએ તે કહી શકશે.
- વિશાળ હેતુ ધ્યાનમાં રાખતા આ કોણ માપક સંરક્ષણ ક્ષેત્રે, ઉડ્ડયન ક્ષેત્રે તેમજ જે જગ્યાએ ખુણાના માપનની જરુરીયાત હોય તે બધી જગ્યાએ આ સાધન ઉપયોગી છે. શ્રી ઘરનુ ધાબુ, ફળીયુ, બાથરૂમ રસ્તા વગેરે જગ્યાએ આ સાધનની મિદદથી ઢાળ શોધી શકાય છે. અને યોગ્ય લેવલ કરી શકાય છે.

**આઉટકમ્સ :**

- ભુમિતિની જટીલ પ્રક્રીયાને સરળતાથી સમજવા માટે
- ભવિષ્યમાં કંપાસપેટીમાં એક સાધનના વધારા તરીકે
- વિદ્યાર્થી જાતે ખુણો માપી શકશે.
- વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વિકસે



Scanned with OKEN Scanner

## EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| **ઈનોવેશનનું નામ** | **પ્રોજેક્ટ વર્ગ દ્વારા કાયમી TLM અને સ્વનિર્મિત સાધનો તૈયાર કરવા.** |
| **શિક્ષકશ્રીનું નામ** | **સુરેશકુમાર બાબુભાઇ ધોરિયા** |

મોબાઇલ નં. ૯૨૬૫૬૦૪૩૭૬ ઇમેઇલ: ---suresh.dhoriya09@gmail.com
શાળાનું નામ શ્રી સી.ડી. કપાસી હાઇસ્કૂલ, ચુડા

હેતુઓ
૧. વિદ્યાર્થીઓ સામાજીક વિજ્ઞાન વિષયના કઠીન મુદ્દાઓને સમજી શકે
૨. વિદ્યાર્થીમાં જુથ પ્રવૃતિ વિકસે, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસે
૩. વિદ્યાર્થીઓને સામાજીક વિષયમાં રસરૂચી વિકસે
૪. વિદ્યાર્થી શિક્ષક દ્વારા વર્ગખંડને જીવંત બનાવવો.

કાર્ય પદ્ધતિ
મારી શાળા ગ્રામિણ કક્ષાની હોવાથી બાળકો નબળા જોવા મળ્યા. હું ચુડા હાઇ. માં ૨૦૦૬ થી ધો ૯ અને ધો. ૧૦ માં સામાજીક વિજ્ઞાન વિષયમાં અભ્યાસ કરાવુ છું ત્યારે વિદ્યાર્થીઓને વિષયના નકશાપૂર્તિ, સંજ્ઞાઓ, પારિભાષિક શબ્દો, પ્રોજેક્ટ વિશેની પૂર્ણ માહિતીનો અભાવ હથો. રાજ્યોના સ્થાન અને તેની વિશિષ્ટતાથી અજાણ હતા. ઉપરોક્ત સમસ્યાઓનું નિરિક્ષણ કરતા આ વિષયને રસપ્રદ બનાવવા, સરળ બનાવવા, સ્વનિર્મિત સાધનો તૈયાર કરવા આ ઇનોવેશ હાથ ધર્યુ. આ માટે મારી શાળાની લાયબ્રેરી અને ઇન્ટરનેટનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને ફોટાઓ, ચિત્રો, લખાણો, નકશાઓ, મૉડેલો વગેરે બનાવવાની સમજૂતિ આપી. વિષયના અઘરા પાઠના કઠિન મુદ્દાઓને સરળ સમજૂતિ આપી કાયમી TLM અને સ્વનિર્મિત મૉડેલ તૈયાર કરાવડાવ્યા. આ પ્રવૃત્તિઓ દ્વારા રાજ્યોના નામ, સ્થાન, સંજ્ઞાઓ, મુદ્દાઓ, સ્થળ અંગે સરળ અને રસપ્રદ જ્ઞાન વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયું.

સાધન સામગ્રી
થર્મોકોલ, પુઠાઓ, કાર્ડશીટ, સ્ટોન, સતારા, કાપડ, સોર્થ, ગુંદર, સ્કેલ વગેરે

ઉપયોગીતા
- સામાજીક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓના રસરૂચી જાગૃત થયા.
- વિષય પ્રત્યેનો વિદ્યાર્થીઓને અણગમો દૂર થયો.
- વિદ્યાર્થીઓની વિષય પ્રત્યેની અનિયમિતતા ઘટી
- વિદ્યાર્થીઓ નવીનતમ પ્રવૃતિ કરી જૂથ પ્રવૃતિ કરતા થયા.
- વિદ્યાર્થીઓનું નકશાઓની સંજ્ઞાઓ, પરિભાષીક શબ્દોનું જ્ઞાન પ્રાપત થયું.
- પ્રોજેક્ટ દ્વારા નવીનતમ પદ્ધતિથી કુતુહલવૃતિ, ઉત્સાહમાં વધારો થયો.
- વિષયમાં શાળામાં S.S.C. બોર્ડના પરિણામમાં સતત વધારો જોવા મળ્યો. (બોર્ડનું પરિણામ 60% થી 90% સુધી આવ્યુ.)
- વિદ્યાર્થી નવા વિચારો વિચારતો થયો.

ઉપલબ્ધિ
- સામાજીક વિજ્ઞજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓ સુંદર, કલાત્મક, શૈક્ષણિક સાધન સામગ્રી સ્વનિર્માણ કરી વર્ગખંડને જીવંત બનાવ્યો.
- મને શિક્ષક તરીકે બાયસેગ અને વર્ચ્યુઅલ કલાસ ઓનલાઇન લેકચર આપવાની તક પ્રાપ્ત થઇ. જે નિહાળી વિદ્યાર્થીઓ ઘેરબેઠા અભ્યાસ કરતા થયા.
- સામાજીક વિજ્ઞાન વિષય અંતર્ગત વિદ્યાર્થીને રૂબરૂ સ્થળ પર ગયાનો (જોયાનો) અનુભવ થયો.
- વર્ગમાં પ્રોજેક્ટ વર્ક દ્વારા શિક્ષણકાર્ય અસરકારક અને સુંદર બન્યુ.
- શિક્ષક તરીકે શૈક્ષણિક નવાચાર માટેની પ્રેરણાથી હજી વધારે સારા ઈનોવેશ બનાવતો જ રહીશ અને તેવા સતત સારા પ્રયત્નો કરીશ.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| ઈનોવેશનનું નામ | કન્યાઓનું સ્થાયીકરણ |
| શિક્ષકશ્રીનું નામ | ડામોર અતુલભાઈ વાલજીભાઈ |


મોબાઇલ નં. ૯૯૦૪૪૪૧૭૧૦ ઈમેઇલ: ----

શાળાનું નામ શ્રી સુખસર પ્રા.શાળાં .૧, ચોટીલા


હેતુઓ
૧. કન્યાઓને શાળામાં ટકાવી રાખવી.
૨. સર્જનાત્મક પ્રવૃતિઓ દ્વારા શાળા પ્રત્યેની લાગણી જન્માવવી
૩. હાજરીમાં વધારો કરવો.
૪. વાલીગણને શાળા તરફ વાળવા.

કાર્ય પદ્ધતિ ધો. ૬ થી ૮ ની મોટી દિરીઓને શાળામાં ટકાવી રાખવા માટે અમારી શાળામાં રવિવાર તથા રજાના દિવસો એ ૪-૦૦ કલાક શાળા ખોલવામાં આવે છે. જેમાં બાળાઓના રસ, રુચિ પ્રમાણે વિવિધ જૂથો પાડી તેમને અગાઉ નક્કી કરેલા આયોજન મુજબ, સર્જનાત્મકતાની વિવિધ પ્રવૃતિઓ રમત ગમતમાં સ્પેશ્યલ હોસ્ટેલ માટે Y.T. P.T. ટેસ્ટની તૈયારી. તેમજ લાયબ્રેરીના પુસ્તકોનું વાંચન કરાવવામાં આવે છે. આજુબાજુની શાળામાંથી વિવિધ વિષયોમાં રસરુચિ ધરાવતા શિક્ષકોનેબોલાવી મર્ગદર્શન તથા પ્રોત્સાહન પુરુ પાડવામાં આવે છે. રજાના દિવસે શાળા ચાલુ જોઇ વાલીગણ મુલાકાત લે છે. જેનાથી બાળકની પ્રગતી તેની ગેરહાજરીની જાણ કરવામાં આવે છે. બાળકોને રજાના દિવસે ખૂબ જ આતુરતા પૂર્વક રાહ જુએ છે.

સાધન સામગ્રી નકામી વસ્તુઓ, લાયબ્રેરીના પુસ્તકો, રમતગમતના સાધનો

ઉપયોગીતા
- બાળાઓનું શાળામાં આવું તથા રોકાવુ ગમે છે.
- તેનામાં રહેલી વિશેષતાઓને જાણી શકાય છે.
- હાજરીનું પ્રમાણ વધે છે.
- વાલીગણ શાળાના કાર્યમાં સહાયરુપ બને છે.

ઉપલબ્ધિ
- RTE2009 અંતર્ગત પ્રકરણ-૩ શારીરીક માનસિક શક્તિનો વિકાસ
- બાળકેન્દ્રી વિકાસ
- બાળકોની પ્રવૃતિઓ
- રમતો, પ્રવૃતિઓ પ્રોજેક્ટ દ્વારા સમજ કરાવવી.
- ધો.૮ ગુજરાતી વ્યક્તિગત અને જૂથમાં સક્રિય ભાગ લેશે.
- ધો-૮ સામાજીક વિજ્ઞાન વિશ્વ બંધુત્વની ભાવના કેળવી શકાશે.
- નેતૃત્વની ખિલવણી તથા પોતાની જવાબદારી, કુરીવાજની સમજ કેળવશે.
- પરસ્પર સહકારનીભાવના કેળવશે.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| **ઈનોવેશનનું નામ** | **વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવવી.** |
| **શિક્ષકશ્રીનું નામ** | **સભાણી વિપુલકુમાર નાનજીભાઈ** |


મોબાઇલ નં. ૯૯૨૫૯૩૯૨૯૩ ઈમેઇલ: ----

શાળાનું નામ શ્રી પે.સે. શાળા, મોટા એકેવાળીયા, તા.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર


હેતુઓ

૧. બાળકો પ્રવૃતિશીલ બને.
૨. સર્જનાત્મક શક્તિનો વધારો થાય
૩. નકામી વસ્તુનો ઉપયોગ કરતા થાય
૪. સમયનું મહત્વ સમજે
૫. તોફાન મસ્તીનું પ્રમાણ ઘટાડી શકાય.

કાર્ય પદ્ધતિ

શાળામાં રિશેષ સમય દરમ્યાન બાળકો તોફાન મસ્તી કરતા હોય છે જેને કારણે ઘણી વખત નાના બાળકોને નાની મોટી ઈજાઓ થતી હોય છે. આ તોફાન મસ્તી અટકાવવા માટે જો બાળકોને પ્રવૃતિ તરફ વાળવામાં આવે તો બાળકો સમયનો સદઉપયોગ કરતા થાય અને તોફાન મસ્તીનું પ્રમાણ ઘટાડી શકાય. એક વર્ગખંડમાં બાળકો દ્વારા આવી નકામી વસ્તુઓ જેવી કે પ્લાસ્ટીકની નાસ્તાની કોથળીઓ, છાપાઓ (પસ્તી) નકામી (ખાલી) પેન, પુંઠા, બોક્ષ, રેલની ખાલી કોકડીઓ જેવી નકામી વસ્તુઓ ભેગી કરી બઆળકોને આ સમય દરમ્યાન તેમાથી લેખકો, કવિઓ, વૈજ્ઞાનિકોના ફોટા લગાવી ફોટોફ્રેમ, તેમજ કાગળમાંથી અવનવી વસ્તુઓ, ગુજરાતી વ્યાકરણ વિરામ ચિહ્નોની ઓળખ, પેન બોક્ષ, છાપામાંથી આસન, પ્લાસ્ટીકની કોથળીઓમાંથી ઇંગ્લીશ એબીસીડી સ્પેલીંગ વગેરેનું નિર્માણ કરી T.L.M. બનાવી શકાય છે. જેનો શિક્ષણમાં યોગ્ય ઉપયોગ કરી શકાય તેમજ વર્ગ સુશોભન પણ કરી શકાય. આમ બાળકો વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવી શકે છે. બાળકો પ્રવૃતિમય બનશે અને સમયનુ મહત્વ સમજશે તેમજ તોફાન મસ્તીનું પ્રમાણ ઘટાડી શકાય છે.

સાધન સામગ્રી

પ્લાસ્ટીકની નકામી કોથળીઓ, પુંઠા, કાર્ડશીટ, ફેવીકોલ, છાપા, અન્ય નકામી વસ્તુઓ, સાવરણીની સળી

ઉપલબ્ધિ

- સર્જનાત્મક શક્તિનો વિકાસ,
- પ્રવૃતિશીલ બને છે.
- શાળામાં ચાલતા શૈક્ષણિક કાર્યક્રમ જેવા કે બાળમેળા, લાઇફ સ્કીલ બાળમેળામાં હોંશે હોંશે પ્રવૃતિમાં ભાગ લે છે.




Scanned with OKEN Scanner

## EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| ઈનોવેશનનું નામ | ગુજરાતના જિલ્લાઓ અને ભારતના રાજ્યોની આડી-ઊભી ચાવીઓ. |
| શિક્ષકશ્રીનું નામ | શંકરભાઈ પ્રાગજીભાઈ કણઝરિયા |

મોબાઈલ નં. ૮૦૦૦૩૩૧૪૧૧ ઈમેઈલ: ----

શાળાનું નામ રૂપાવટી (થાન) પ્રા. શાળા, મુ.રૂપાવટી, તા.થાનગઢ

હેતુઓ

૧. બાળકો ગુજરાત રાજ્યના જિલ્લાઓ તથા ભારતના રાજ્યોના નામ સરળતાથી લખતા-વાંચતા યાદ રાખતા શીખે.

૨. સામાજિક વિજ્ઞાનના વિષય પ્રત્યે બાળોકોમાં રસ રુચિ વધે.

કાર્ય પદ્ધતિ

૧. ગુજરાત રાજ્યના જિલ્લાઓ તથા ભારતના રાજ્યોના નામ સરખા અક્ષરમેળ વાળા ગોઠવી આડા ઊભા જિલ્લાઓ, રાજ્યોના નામ ગોઠવવામાં આવેલ. જેમાં ખાલી રહેતા ખાનામાં ક્રમ મુજબ યાદીમાં નંબર જોઇ જિલ્લા રાજ્યોના નામ અક્ષરો કોષ્ટકમાં ભરી પૂર્ણ કરવામાં આવે છે. આ પ્રવૃત્તિ બાળકોને નવી લાગતા હોંશે હોંશે ભાગ લે છે. જે ધોરણ ૫ થી ૮ માં વારંવાર જિલ્લાના રાજ્યોના નામ યાદ રાખવાની જરૂર પડે છે જે સામાજિક વિજ્ઞાન વિષયમાં પુનરાવર્તન થતા યાદ રાખી શકે છે. જેમાંભારતના રાજ્યોની ગુજરાતનાજિલ્લાઓની ભૌગોલિક માહિતી, ઉદ્યોગો, ખેતી, જળપરિવહન માહિતીમાં આ નામો જરૂરી હોય છે.

સહાયક પ્રવૃતિ વર્ગખંડમાં હાજરી પુરતી વખતે ક્રમસર જિલ્લા, રાજયોના નામ બોલવામાં આવે છે. જેથી નામ યાદ કરી શકે છે.

સાધન સામગ્રી કાર્ડશીટ, માર્કર પેન, ફુટ, કોરા કાગળો, ઝેરોક્ષ નકલ

ઉપયોગીતા
- સામાજીક વિજ્ઞાન ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક સંદર્ભે ઉપયોગી છે.
- ગુજરાત રાજ્યના જિલ્લા રાજયોના નામ સરળતાથી અભ્યાસ અર્થે લખી, વાંચી, બોલી યાદ રાખી શકે છે.
- ગુજરાત જિલ્લાઓ, ભારતના રાજ્યોના નકશા સમજ તથા ભૌગોલિક ઉદ્યોગો, જળપરિવહન, ખેતી, સમજ આપવામાં આપયોગી છે.
- છાપાઓમાં આવતી જનરલનોલેજની આડી ઊભી ચાવીઓ ભરવા પ્રેરાય છે.

ઉપલબ્ધિ
- ૨.૬.૫ ગુજરાતના નકશામાં જિલ્લાઓ સમજ મેળવવામાં સરળતા
- ૨.૭.૮ ભારતના નકશામાં રાજયો અંગેની માહિતી મેળવે છે.
- ધો. ૬ થી ૮ ગુજરાતના ભારતની ભૌગોલિક ખેતી ઉદ્યોગો, માર્ગ વ્યવહાર, જળસંપતિ અંગેની સમજ કેળવવામાં સમજવામાં સરળતા રહે.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** | **સરળ શબ્દ વાક્ય વાંચન પદ્ધતિ**

**શિક્ષકશ્રીનું નામ** | **હર્ષિત અનિલકુમાર શુકલ**


મોબાઇલ નં. ૮૭૮૦૬૮૨૩૮૫ ઈમેઇલઃ ----

શાળાનું નામ શ્રી નાની કઠેચી પે. સેન્ટર કુમાર શાળા, તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર


હેતુઓ

૧. ગેરહાજર રહેતા બાળકોની વાંચન અને લેખનમાં નબળાઇ દૂર કરવી.

૨. S.T. (અ.જ.જા.) જ્ઞાતિના બાળકો વારંવાર સ્થળાંતરીત થતા હોવાથી ઓછા સમયમાં પ્રારંભીક શિક્ષણ મેળવી શકે.

૩. પ્રજ્ઞા અભિગમમાં શ્રુતિલેખનમાં રહેતી કચાશ દૂર થાય.

૪. મિશન વિદ્યા ટુંકા સમયમાં સફળ થઇ શકે.

કાર્ય પદ્ધતિ

શાળાના પ્રારંભીક શિક્ષણ ગમ્મત સાથે જ્ઞાન એ હેતુને ચરિતાર્થ કરવા માટે બારાક્ષરી વાંચનને હાથ પગ અને મોની સ્થિતી સાથે સરખાવી બોલતા શીખવાનું છે. જેથી બાળક ચીરકાળ સુધી ભૂલી શકતો નથી. અને શ્રુતલેખન પણ ક્ષતિરહિત કરી શકે છે. પ્રજ્ઞા અભિગમને વળગી રહીને પણ એકમ પ્રમાણે કાનાથી લઇ બે માત્રા સુધીના શબ્દ સરળતાથી વાંચન કરી શકે છે. બાળક વર્ષ દરમિયાન ઓછો હાજર રહી શકતો હોય તો પણ આ પદ્ધતિથી ઝડપી વાંચન કરી શકે છે. દા.ત. 'કુ' ના ઉચ્ચારણ માટે પગમાં ચુટલી ખણી ઉચ્ચારણ શીખવવું.

સાધન સામગ્રી

શિક્ષક પાટી, ચોક અને ડસ્ટર

ઉપયોગીતા

- આ ઇનોવેશનથી નબળા પ્રિય બાળકોની સંખ્યા ઘટતી જાય છે.
- શ્રુતલેખન પણ ખૂબ જ સરસ કરી શકે છે.
- વર્ગમાં અનિયમિત રહેતા કે સ્થળાંતરીત થતા બઆળકો ટુંકા સમયની મર્યાદામાં વાચંન અને લેખન કરતા થઇ જાય છે.
- ધ્વનીના ઉચ્ચારણ બાળકો સાચા કરી શકે છે.

Learning outcomes

- પરિચિત શબ્દો અને વાક્યોનું શ્રુતલેખન કરી શકશે.
- પાઠનું વાંચન મોટેથી કરી શકશે.
- આપેલી સૂચના મુજબ સરળતાથી સ્વઅધ્યયન કાર્ય કરી શકશે.




Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| **ઈનોવેશનનું નામ** | **સ્પેલીંગ બોક્સ કમ ચાર્ટ દ્વારા ધો.૩ થી ૫ નું અંગ્રેજી શિક્ષણ** |
| **શિક્ષકશ્રીનું નામ** | **કૌશિકકુમાર પી. પ્રજાપતિ** |


મોબાઈલ નં. ૯૪૨૭૭૧૧૪૮૦ ઇમેઇલ: ----kaushikhtat@gmail.com

શાળાનું નામ શ્રી વસાડવા પ્રા.શાળા, તા.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર


**હેતુઓ**

૧. ધો. ૩ થી ૫ ના બાળકો સરળતાથી એબીસીડી, મૂળાક્ષર, બારાક્ષરી, નામ, સ્પેલીંગ શીખી શકે.
૨. ધો. ૩ થી ૫ ના બાળકો અંગ્રેજી વ્યાકરણની સમજ મેળવે.
૩. બાળકોનુ સ્પેલીંગ ભંડોળ વધારવું.
૪. અંગ્રેજી શિક્ષણમાં રસ રુચિ કેળવી આઉટકમ સિદ્ધિ તરફ લઇ જવા.

**કાર્ય પદ્ધતિ**

શિક્ષક દ્વારા સૌ પ્રથમ વર્ગમાં બાળકો પાસેથી તેણે તૈયાર કરેલ સ્પેલીંગશીટ (ચીઠ્ઠી) બંધ કરી બોક્સમાં લેશે. તેમજ વિદ્યાર્થીઓ અંગ્રેજી ચિત્રાત્મક ચાર્ટનું અવલોકન કરશે. સાઁજે ચાર થી પાંચ દરમ્યાન શિક્ષક દ્વારા આ બોક્સની તમામ ચીટ કાઢીને ક્રમિક રીતે બાળકોને પોતે આજે તૈયાર કરેલ સ્પેલીંગ બોલશે. સ્પેલીંગ આમ વારાફરતી બધા વિદ્યાર્થીઓ બોલશે. તેમજ આજે બોલાયેલ સ્પેલીંગને પોતાની સ્પેલીંગ નોટમાં ઉતારશે. આ બાજુ બીજા દિવસ માટેના સ્પેલીંગ તૈયાર કરવા વિદ્યાર્થીઓ ચિત્રાત્મક ચાર્ટમાંના સ્પેલીંગનુ અવલોકન કરી વાંચન કરી તૈયાર કરશે. જે બીજા દિવસે પ્રથમ પિરિયડમાં તે સ્પેલીંગ બોક્સમાં તેની ચીટ બનાવી નાંખશે. તેમજ અનુક્રમને અનુરુપ જ્યાં જરૂર જણાય ત્યાં શિક્ષક આ ચાર્ટનો ઉપયોગ કરશે.

**સાધન સામગ્રી**

- લાકડાનું બોક્સ (સ્પેલીંગ બોક્સ)
- વિવિધ પ્રકારના ચિત્રાત્મક ચાર્ટસ (રંગીન)

**ઉયોગીતા**

- આ ઇનોવેશન વડે વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષયમાં અંગ્રેજી ભણવામાં રસ રુચિ વધારી શકાઇ
- વિદ્યાર્થીઓ અંગ્રેજી સ્પેલીંગ વાંચન કરતા થયા.
- વિદ્યાર્થીઓમાં નવા નવા સ્પેલીંગ જાણવા માટેની જિજ્ઞાસાવૃતિમાં વધારો થયો.
- બાળકો અંગ્રેજી પાયાનું જ્ઞાન સરળતાથી શીખતા થયા.
- વિદ્યાર્થીઓ ચિત્રાત્મક ચાર્ટનું અવલોકન કરતા થયા.
- પ્રવૃતિલક્ષી શિક્ષણ મળતા વિદ્યાર્થીઓ વધુ ક્રિયાશીલ બન્યા.
- વિદ્યાર્થીઓની સ્મરણશક્તિ યાદશક્તિમાં વધારો થયો.

**અધ્યયન ઉપલબ્ધિ :**

- બાળકો ચાર્ટને આધારે કરવામાં આવલે પ્રવૃતિઓને આધારે શબ્દોને ચિત્ર સાથે જોડી શકશે. ઓળખી કરી શકશે.
- એકશન સોંગ શિક્ષક દ્વારા અપાયેલ સૂચનાને આધારે કરી શકશે.
- વિદ્યાર્થીઓ અંગ્રેજી શિક્ષણ સંબંધી પ્રત્યાપન કુશળતા પૂર્વક કરી શકશે.
- વિદ્યાર્થીઓ ધો.૩ ૫૦ શબ્દો ધો.૪ ૧૫૦ શબ્દો અને ધો. ૫ ના ૫૦૦ જેટલા શબ્દો જાણી શકશે.
- અંગ્રેજી કેપીટલ અને સ્મોલ લેટર્સની જોડીઓ બનાવી શકશે.
- સ્થાનિક વ્યવસાયકારો, પરિવારજનોને અંગ્રેજીમાં ઓળખી શકશે.




Scanned with OKEN Scanner

## EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** — **બેટી પઢાવો, શિક્ષા બઢાવો**

**શિક્ષકશ્રીનું નામ** — **ભગવતદાન ગુલાબસંગ ગઢવી**


મોબાઇલ નં. ૯૯૦૯૨૩૯૬૬૮ ઈમેઇલ: ----

શાળાનું નામ શ્રી ઝાડિયાણા પ્રા.શાળા તા. પાટડી, જી.સુરેન્દ્રનગર


હેતુઓ

૧. મા.પ્રધાનમંત્રીશ્રીના બેટી બચાવો, બેટી પઢાવોના સૂત્રના અનુસંધાને આર્થિક તંગીના કારણે ભણવામાં મુશ્કેલી અનુભવતી શાળાની દીકરીઓને આર્થિક મદદ કરી ભણવામાં પ્રોત્સાહિત કરવી.

૨. શિક્ષણના સાર્વત્રિકરણના વયપને વિસ્તારવો

૩. બાળકોમાં અન્યને મદદરૂપ થવાનીભાવના વિકસાવવી.

કાર્ય પદ્ધતિ

મા.પ્રધાનમંત્રીશ્રીના બેટી બચાવો, બેટી પઢાવોના સૂત્રથી પ્રેરણા લઇ મારી શાળામાં આર્થિક તંગીના કારણે ભણવામાં મુશ્કેલી અનુભવતી દીકરીઓ ધ્યાનમાં આવી. આવી દીકરીઓ આર્થિક તંગીના કારણે શાળા ન છોડે અને આગળ ભણે તે માટે ભણવા માટે આર્થિક મદદ કરી ભણવા પ્રોત્સાહિત કરવાનો વિચાર આવ્યો. જરૂરીયાતમંદ પરિવારની દીકરીઓ દતક લઇ સંપૂર્ણ શૈક્ષણિક ખર્ચ ઉપાડી મદદ કરવાની યોજના બનાવી. સૌ પ્રથમ સ્ટાફમિત્રોના સહકારથી વાલીઓનો આર્થિક સર્વે કરી જરૂરીયાતમંદ પરિવારો નક્કી કર્યા. આવા વાલીઓને રૂબરૂ મળી મુશ્કેલી જાણી દીકરીઓને આગળ ભણાવવા જરૂરી તમામ શૈક્ષણિક ખર્ચ અમે ઉપાડીશું પણ તમે દીકરીઓને ભણાવો એમ વાલીઓને સમજાવ્યા. આવી એક દીકરીથી શરૂ કરેલી યોજનામાં આવ વર્ષે મારી શાળાની ૧૧ દીકરીઓ પસંદ કરી વર્ષનો સંપૂર્ણ શૈક્ષણિક ખર્ચ ઉપાડયો છે. જેમાં બે જોડી ગણવેશ, સ્કૂલબેગ, વોટરબેગ, ફુલસ્કેપ ચોપડા, કંપાસ, પેન, પેન્સિલ તથા પ્રવાસ ફી સ્વખર્ચે આપવામાં આવે છે. એક દીકરીથી શરૂ કરેલી આ યોજનાને સારી સફળતા મળી છે. ચાલુ વર્ષે ૧૧ દીકરીઓ છે. અને આત્મવિશ્વાસ સાથે સંપૂર્ણ સાધન સામગ્રી સાથે અભ્યાસરત છે. હજુ વધારે લોક સહકાર, મિત્રોની મદદથી જરૂરીયાતમંદ પરિવાર સુધી જવુ છે અને દીકરીઓ ખૂબ આગળ ભણે તે માટેની યોજના છે.

ઉપયોગીતા

- જરૂરીયાતમંદ પરિવારની દીકરીઓને વર્ષ દરમ્યાનનો શૈક્ષણિક ખર્ચ (સાધન સામગ્રી મળી) દીકરીઓ આત્મવિશ્વાસ સાથે ભણતી થઈ.

ઉપલબ્ધી

- દીકરીઓ ભણવા પ્રોત્સાહિત થઇ
- સ્થાયીકરણ થયુ. ડ્રોપ આઉટ ઘટયો
- શિક્ષણનો સાર્વત્રિકરણ વ્યાપ વધ્યો
- આ.ટી.આઇ. અંતર્ગત ૬ થી ૧૪ વર્ષના બાળકોને શિક્ષણ આવાનો હેતુ સિધ્ધ થયો.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| **ઈનોવેશનનું નામ** | **બાળકોમાં સંવેદના વિકાસની વિવિધ પ્રવૃતિઓ** |
| **શિક્ષકશ્રીનું નામ** | **ચૌહાણ નરેન્દ્રભાઈ રતનશીભાઈ** |

મોબાઇલ નં. ૯૪૨૮૦૦૨૯૩૦ ઇમેઇલઃ ----chauhannarendrapa90@gmail.com

શાળાનું નામ પ્રાથમિક શાળા નં. ૩, ચુડા

હેતુઓ
૧. બાળકોમાં માતાપિતા પ્રત્યે સંવેદના વધે
૨. બાળકોમાં જીવસૃષ્ટિ પ્રત્યે સંવેદના વધે
૩. બાળકોમાં ગરીબો, ઘરડા લોકો, ભાઇ બહેન પ્રત્યે સંવેદના વધે.

કાર્ય પદ્ધતિ
૧. ૫૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવી. દરેક વિદ્યાર્થીના જન્મદિવસની યાદી કરી ૧ માસમાં જેટલા વિદ્યાર્થીઓનો જન્મદિન આવતો હોય તેના ગ્રુપ બનાવવા.
૨. મુખ્ય ત્રણ એકટીવીટી દ્વારા કાર્યક્રમ કરવામાં આવેલ છે.

જીવદયા કાર્યક્રમ

આ કાર્યક્રમમાં એક માસમાં જન્મદિન આવતા તમામ વિદ્યાર્થીઓના હસ્તે પક્ષીઓને ચણ નાખવા ચબુતરાની મુલાકાત, કુતરાને બિસ્કીટ, ગાંઠીયા, રોટલી નાખવી, ગાયને ગોળ, ઘાસ ખવડાવવા, ગરીબોને મગદાળ, સુકીભાજી, ફ્રુટનું વિતરણ કરાવવુ.

માતૃપિતૃવંદના

૫૦ વિદ્યાર્થીઓના માતાપિતાને શાળામાં બોલાવી વિદ્યાર્થીઓના હસ્તે માતાપિતાના પૂજનનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો.

માનવપ્રેમ

ઘરડા લોકોને ટીફીન પહોંચાડવા, અપંગને મદદરૂપ થવુ. ભાઇ બહેનને મદદરૂપ થવુ. હોસ્પિટલના દર્દીઓને ફ્રુટ વિતરણ કરવું.

નોંધ

ઉપરોકત દરેક પ્રવૃતિમાં રૂબરૂ મુલાકાત વાર્તાકથન અને વિડીયો નિદર્શન કરવામાં આવેલ છે.

સાધન સામગ્રી
પૂજા સામગ્રી, ફ્રુટ, સુકીભાજી, કોરો નાસ્તો, પક્ષીઓ માટે ચણ, રોટલી, ટી.વી. ચાર્ટ વગેરે

ઉપયોગીતા
સાંપ્રત સમયમાં માનવી માનવીથી દૂર થતો જાય છે. માતાપિતા તેમજ અન્યો પ્રત્યે સંવેદના ઘટતી જાય છે. ઘરડાઘર વધે છે. પશુપક્ષીઓને બચાવવા અભિયાનો કરવા પડે છે. ગરીબો પ્રત્યે કોઇ ધ્યાન આપતુ નથી. નાનપણથી જ બાળકમાં ઉપરોક્ત નકારાત્મકતા ન બંધાય અને અન્યો પ્રત્યે સંવેદનાના બીજ રોપાય છે.

લર્નીંગ આઉટકમ્સ

ધો. ૪ લાખો વણજારો

ધો. ૮ ઇદગાઈ જેવા ધો. ૪ થી ૮ માં અનેક યુનિટમાં બાળકો પ્રત્યે સંવેદના વધે તે હેતુ રહેલ છે. જે આ પ્રવૃતિ દ્વારા સિધ્ધ થાય છે.

- બાળકોમાં અન્ય વ્યક્તિઓ પ્રત્યે સંવેદના વધે.
- બાળકો પશુ પક્ષીઓ પ્રત્યે સહાનુભૂતિ રાખે.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| **ઈનોવેશનનું નામ** | **મેગ્નેટીક લેડર, પ્રજ્ઞા ધો. ૧/૨** |
| **શિક્ષકશ્રીનું નામ** | **ડાભી જાદવભાઈ ભગવાનભાઈ** |


મોબાઇલ નં. ૯૪૨૮૬૦૫૧૫૭ ઇમેઇલઃ ----

શાળાનું નામ શ્રી સોનકા પ્રા.શાળા


**હેતુઓ**

૧. પ્રજ્ઞા કાર્યક્રમના અસરકારક અમલ માટે
૨. બાળકને તે કયુ અભ્યાસકાર્ડ આવ્યો તે યાદ રાખવુ પડતુ નથી.
૩. બાળક અભ્યાસકાર્ડ સરળતાથી લઈ શકે તે માટેનો
૪. શિક્ષકને બાળક કયુ અભ્યાસકાર્ડ આવ્યુ તેની ઝડપથી ખબર પડે તેનો
૫. વિદ્યાર્થીઓને પોતે કયુ અભ્યાસકાર્ડ આવ્યો તે સરળતાથી જોઇ શકે અને પોતે અભ્યાસકાર્ડ મુજબ સરળતાથી આગળ વધી શકવાનો.
૬. શિક્ષક અને બાળક બંનેને અભ્યાસમાં સહાય માટેનો

**કાર્ય પદ્ધતિ**

સૌ પ્રથમ ધો.૧/૨ પ્રજ્ઞાનું લેડર લેવુ. ત્યારબાદ એક લેડરના માપનું હાર્ડબોર્ડ લેવુ. આ હાર્ડબોર્ડ પર જતનું પાતળુ પતરું ખીલીઓ વડે લગાવવું. ત્યારબાદ મેગ્નેટ ભટન પર બાળકોના ફોટા ચોટાડવા અને લેડર તૈયાર કરવું. જે બાળક જે અભ્યાસકાર્ડ આવેત્યાં પોતાનું મેગ્નેટીક બટન ચોટાડશે. અને તે અભ્યાસકાર્ડ પુરુ થતા તેને આગળ લઇ જશે. આ રીતે તે પોતે કયા અભ્યાસકાર્ડમાં આવ્યો તે સરળતાથી જાણી શકશે.

**સાધન સામગ્રી**

મેગ્નેટ બટન, લેડર, પાસપોર્ટ સાઇઝના બાળકોના ફોટોગ્રુડસ, જસતનું પતરું, હાર્ડબોર્ડ, ખીલી વગેરે

**ઉપયોગીતા**

- ધો.૧/૨ પ્રજ્ઞામાં બઆળકોને અભ્યાસકાર્ડ લેવામાં ખુબ જ સરળતા રહેં. અને તેને કયુ અભ્યાસ કાર્ડ આપ્યો તે યાદ રાખવુ પડતુ નથી.
- શિક્ષક માટે પણ ખુબજ ઉપયોગી છે. તેમણે પણ સરળતાથી ખ્યાલ આવી જાય છે કે બાળક કયા અભ્યાસકાર્ડમાં આવ્યુ છે .

**લર્નીંગ આઉટકમ્સ :**

શિખવા શિખવાની પ્રક્રિયામાં સહાયરૂપ થાય છે. જેથી બાળકો સરળતાથી આગળ વધી શકે છે.




Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| ઈનોવેશનનું નામ | Yes, I Can.. |
| શિક્ષકશ્રીનું નામ | ચેતનકુમાર જયરામભાઈ સાધુ |

મોબાઈલ નં. ૮૧૨૮૭૯૯૩૮૦ ઈમેઈલ: ----sadhuchetan3012@gmail.com

શાળાનું નામ શ્રી ચાચકા પ્રા.શાળા, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર

હેતુઓ

૧. ધો. ૬ થી ૮ માં અંગ્રેજી ભાષા વિષય શિક્ષણની નિષ્પત્તિઓ સિધ્ધ કરવા.
૨. અંગ્રેજી ભાષા શિક્ષણનું પાયાનું જ્ઞાન મેળવે.
૩. અંગ્રેજી ભાષા પ્રત્યે વ્યાકરણ સંબંધી મુંઝવણ દૂર થાય.

કાર્ય પદ્ધતિ

૧. દર સોમવારે ૧૦ શબ્દો અને શબ્દ સમુહોનો ચાર્ટ મુકવો.
૨. ૧૦ શબ્દો કે શબ્દ સમુહોની સમજ માટે શિક્ષક દ્વારા વાંચન અને વિદ્યાર્થીઓ અનુવાંચન કરશે.
૩. સોમવાર ૧૦ શબ્દો પૈકી દરરોજ બે શબ્દો પસંદ કરી તેનું એક વચન બહુવચન તેના વાક્યો (This,... That... Pronouns) ના વાક્યો બનાવશે.
૪. મંગળવારે Action Verb + સાદો વર્તમાનકાળના વાક્યો બનાવી ઉદાહરણ આપી સમજ.
૫. બુધવારે Action Verb + સાદો ભૂતકાળના વાક્યો અને ઉદાહરણની સમજ
૬. ગુરુવારે Action verb + સાદો ભવિષ્યકાળની વાક્યો અને ઉદાહરણની સમજ
૭. શુક્રવારે Wh-Questions.. વાયો અને ઉદાહરણની સમજ.
૮. શનિવારે મૂલ્યાંકન

- Quiz
- Missing Letters
- Jumble Parts
- Singular
- Action Verb.

ઉપલબ્ધિ

- મૂલ્યાંકન માટે શબ્દ આપી તેનું વાંચન અને તેના પરથી વાક્યો બોલાવવા કે તૈયાર કરાવવા.
- મૌખિક શબ્દ અને વાક્ય લેખન કરાવવું.

ઉપયોગીતા

- અંગ્રેજી ભાષા વિષય શિક્ષણ અસરકારક બન્યુ.
- બાળકનું અંગ્રેજી ભાષા શિક્ષણનો પાયો મજબૂત બન્યો.
- બાળક વ્યવહરારુ અંગ્રેજી ( Language Functions) ઉપયોગ કરતા થયા.

ઉપલબ્ધિ : અંગ્રેજી ભાષા શિક્ષણના શ્રવણ, કથન, વાંચન, લેખન, કૌશલ્યો વિકસાવી શકાય.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| ઈનોવેશનનું નામ | ભાર વિનાનું ભણતર સાથે ભણતરનો નહી ભાર |
| શિક્ષકશ્રીનું નામ | અજીતભાઈ એસ. ચાવડા |


મોબાઈલ નં. ૯૬૬૨૨૯૭૨૯૮ ઈમેઈલઃ ----

શાળાનું નામ શ્રી સોમાસર પ્રા. શાળા


**હેતુઓ**

૧. દફતરનું વજન ઘટાડવું અને શિક્ષણની ગુણવત્તા વધારવી.

**કાર્ય પદ્ધતિ**

હાલ ધોરણ ૩-૪-૫ માં પ્રજ્ઞાવર્ગના ઘોડા અને ટ્રે બીન ઉપયોગી હોવાથી મારી શાળામાં આ સાધનોનો ઉપયોગ બાળકોના દફતરમાં રહેલ પુસ્તકો અને શૈક્ષણિક સાધનો કે જે ઘેર લઈ જવા જરૂરી ન લાગે તે, આ ટ્રે માં રાખી શકે છે. તે માટે દરેક બાળકને તેના નામ કે ફોટા સાથેની ટ્રે આપી દેવાની જેમા તેની જરૂરીયાત મુજબ અદલ બદલ કરી શકે. જેથી તેના દફતરના વજનમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાયો છે. હવે આ બાળકોને શિક્ષણકાર્ય એવુ કરાવવુ કે તેને ભણતરનો ભાર લાગે નહી અને ગુણવતા યુક્ત શિક્ષણ મેળવી શકે. તે માટે જે બાળકની જેવી જરૂરીયાત તેવી રીત અજમાવી તેને ગુણવતાયુક્ત શિક્ષણ આપવું.

**સાધન સામગ્રી** વણવપરાતા પ્રજ્ઞાવર્ગના ઘોડા, ટ્રે અને ગુણવતા યુક્ત શિક્ષણ માટે જરૂરીયાત મુજબની સામગ્રી

**ઉપયોગીતા** હાલ સરકાર પણ અમલ કરાવવા તત્પર છે કે બાળકોના દફતરનો વજન ઓછો કરવો. તેમજ બાળકોને ગુણવતાયુક્ત શિક્ષણ આપવુ.

**ઉપલબ્ધિ** આ મારા ઇનોવેશનથી એ સાબિત થયુ છે કે બાળક તેના દફતરમાં તેની હોમવર્કની જરૂરીયાત મુજબના જ પુસ્તકોની આપ લે કરે છે. અને ભાર ભપાડવો પડતો નથી. જયારે ભણતરનો ભાર ન લાગે એવુ શિક્ષણ કાર્ય જુદી જુદી યુક્તિ પ્રયુક્તિ દ્વારા મેળવી રહ્યા છે.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** ધો. ૧ થી ૮ માં રમત દ્વારા મૂલ્યલક્ષી શિક્ષણ

**શિક્ષકશ્રીનું નામ** રમેશચંદ્ર સી. મુલિયા


મોબાઇલ નં. ૯૫૭૪૩૬૦૫૬૨ ઇમેઇલ: ----

શાળાનું નામ શ્રી પે સેન્ટર શાળા નં.૭, જોરાવરનગર, તા.વઢવાણ


**હેતુઓ**

૧. બાળકો શાળામાં નિયમિત આવતા થાય.
૨. બાળકોને નિશાળે આવવામાં રસ જાગૃત થાય
૩. બાળકો નવી નવી રમતોથી પરિચીત થાય
૪. બાળકોમાં રહેલી કુતુહલ અને જિજ્ઞાસાવૃત્તિનો વિકાસ થાય
૫. બાળકોની બૌધ્ધિક શક્તિને વિકાસ થાય.

**કાર્ય પદ્ધતિ**

પ્રાથમિક શાળા નં. ૭ જોરાવરનગરના ધો. ૧ થી ૮ ના ૩૫૦ બાળકો રિશેષના સમયે મેદાનમાં દોડાદોડી, મારામારી, ઝઘડો, તોફાન અને ધીંગામસ્તી કરી શારિરીક ઈજાઓ પહોંચાડતા હતા. આ માટે મે સૌ પ્રથમ મારા આચાર્યશ્રીને વાત કરી કે બાળકોને રિશેષના સમયમાં રમવા માટેના થોડા સાધનો લાવીએ અને દરેક રૂમમાં ભાગે પડતા આપીએ તો બાળકો રિશેષના સમયમાં બેઠા બેઠા શાંતિથી રમે. આ પ્રયોગના અમલીકરણ માટે મારી શાળામાં ૩૫૦ બાળકો માટે ૧૨ કેરમ બોર્ડ, ૧૨ સાપસીડી, ૧૨ લુડો, ૧૨ ચેસ, ૨૪ દોરડા, ૨૪ રીંગુ જેવા સાધનો ડીસે.૨૦૧૭ થી લાવવામાં આવ્યા. દરેક વર્ગમાં ભાગે પડતા રમતન સાધનો આપવામાં આવ્યા. અને રિશેષના સમયમાં દરેક શિક્ષકોના એક એક મહિનાના બાળકોનું ધ્યાન રાખવા માટેના વારાઓ ગોઠવવામાં આવ્યા. જેની શરૂઆત ડીસે.૨૦૧૭ થી જાન્યુ.૨૦૧૮ મારાથી કરવામાં આવી. બાળકો રિશેષના સમયમાં શાળાના મેદનમાં કંતાન પાથરી તેના ઉપર કેરમ, સાપસીડી, લુડો, ઇસ્ટીચુંગલ, ચેસ, દોરડા અને રીંગોની રમતો સમૂહમાં રમવા લાગ્યા. બાળકો શાંતિથી રિશેષના સમયમાં બેઠા બેઠા રમે અને જરૂર જણાય ત્યાં હું બાળકોને માર્ગદર્શન આપતો. આ પ્રયોગ છેલ્લા બે વર્ષથી ચાલુ છે. જેના ફળ સ્વરૂપે મારી શાળામાં બાળકો દ્વારા દોડાદોડી, મારામારી, ધીંગામસ્તી, તોફાન અને ઝઘડા જેવા તમામ પ્રશ્નોનું નિરાકરણ આવ્યુ અને બાળકો રમતા રમતા શિક્ષમ મેળવી અનેરો આનંદ માણવા લાગ્યા. આમ આ પ્રયોગ દ્વારા બાળકોમાં રમતા રમતા શિક્ષણ મેળવવાનો ઉત્સાહ ધ્યો અને બાળકોની નિયમીતતા વધી અને ગેરહાજર બાળકોનું પ્રમાણ ઘટયુ. અને બાળકોમાં રહેલા રસરુચિ જાણવાની તક મળી.

**સાધન સામગ્રી**

બાળકોને વિવિધ રમતો રમવા માટે કેરમ, લુડો, સાપસીડી, દસ્ટિચુંગલ, ચેસ, દોરડા, રીંગુ, કોડીઓ અને કચૂકા

**ઉપયોગીતા**

- રમત દ્વારા બાળકોમાં રસ જાગૃત કરી શકાય
- સાપસીડી, લુડો, ઇસ્ટીચોંગલ, કેરમ જેવી રમત રમવાથી બાળકોની ગણન પ્રક્રિયાનો વિકાસ થાય સાથે તેમના ગણન કૌશલ્યને વિકસાવી શકાય.
- બાળકોમાં શિસ્ત, મૈત્રીભાવ, સમુહભાવના નતિકતા જેવા ગુણોને ખીલાવી શકાય
- બાળકોમાં રહેલી કુતુહલ અને જિજ્ઞાસાવૃતિને વિકસાવી શકાય

**ઉપલબ્ધિ**

- રમત દ્વારા ધો. ૧ થી ૮ માં બાળકોની કુતુહલવૃતિ, જિજ્ઞાસાવૃતિ, બૌધ્ધિકતાનો વિકાસ થાય છે.
- બાળકોમાં સમુહભાવના, મૈત્રીભાવના, શિસ્તભાવનાનો વિકાસ થાય છે.



Scanned with OKEN Scanner

## EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** | **Easy English Workbook**
**શિક્ષકશ્રીનું નામ** | **રિતેશભાઈ કિરીટભાઈ વાઘેલા**


મોબાઈલ નં. ૯૭૨૩૪૩૫૬૪૬ ઈમેઈલ: ----vaghelaritesh812@gmail.com

શાળાનું નામ શ્રી પ્રા.શાળા નં. ૧, લીંબડી, જી.સુરેન્દ્રનગર


હેતુઓ
૧. અંગ્રેજીનું વાંચન, લેખન કાર્ય વધુ સરળ અને અસરકારક બને.
૨. પાયાના અંગ્રેજી વ્યાકરણ અનુસાર વાચંન અને લેખન સામગ્રી નિર્માણ
૩. ધો. ૩ થી ૫ ના અંગ્રેજી પા.પુ.માટે સ્વનિર્મિત પુરક સાહિત્ય દ્વારા અસરકારક અંગ્રેજી શિક્ષણ

કાર્ય પદ્ધતિ સરકારી શાળામાં અભ્યાસ કરતા બાળકોના અંગ્રેજીનું શિક્ષણ ધો. ૩ થી શરૂ થાય છે. ઘરમાકે શાળામાં અંગ્રેજીનું વાતાવરણ ના હોવા છતા સીધા જ અંગ્રેજીમાં વાર્તાલાપથી શિક્ષણ આપવામાં મુશ્કેલી પડે છે. બાળકો સૂચનાઓ કે વાર્તાઓમાં થોડું સમજી શકે પરંતુ યોગ્ય પ્રતિભાવ આપી શકતા નથી. જેથી વાંચન લેખનમાં ખુબ કચાશ જોવા મળે છે.

અંગ્રેજી ભાષા વધુ સરળતાથી અને ગુણવતાયુક્ત શીખી શકે તથા શિક્ષણ પણ વધુ અસરકારક રીતે શીખવી શકે તે માટે અંગ્રેજીને લગતા જી.સી.ઇ.આર.ટી. ના અગાઉના મોડ્યુઅલ્સ, પાઠ્યપુસ્તક, શિક્ષકનિદર્શિની તથા અન્ય સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરી અંગ્રેજી મુળાક્ષરોથી શરૂ કરી સાદા વાક્યોના વાંચન, લેખનકાર્ય સુધીનું ધો.૩ થી ૫ ના અંગ્રેજી પા.પુ. ના વ્યાકરણના મુદ્દાઅના આધારે Easy English Workbook નિર્માણ કરી શકે છે. ધો. ૩ થી ૫ ના અંગ્રેજી પા.પુ.ના શિક્ષણકાર્ય સાથે આ Easy English Workbook ના પૂરક શિક્ષણકાર્યથી બાળકોને અંગ્રેજી મુળાક્ષરોનું જ્ઞાન, શબ્દવાંચનની રીત, શબ્દ સમૃધ્ધિ, વાક્યની રચનાનો ખ્યાલ આપવામાં આવ્યો અને Workbook માં પણ વાંચન લેખન અને દ્રઢીકરણ કાર્ય કરાવ્યુ.

સાધન સામગ્રી જી.સી.ઇ.આર.ટી. ના અગાઉના મોડ્યુઅલ્સ, પાઠ્યપુસ્તક, શિક્ષકનિદર્શિની, ખાનગી પ્રકાશનો વગેરે

ઉપયોગીતા - અગાઉ ફક્ત અંગ્રેજી પાઠ્યપુસ્તક અને શિક્ષકનિદર્શિનીના જ ઉપયોગથી શિક્ષણ કાર્ય થતુ પરંતુ હવે સાથે Easy English Workbook ના પૂરક શિક્ષણકાર્યથી બાળકોને અંગ્રેજી મુળાક્ષરોનું જ્ઞાન, શબ્દ વાંચનની રીત, વાક્ય રચનાનો ખઅયાલ આવતા વાંચન લેખન કાર્ય વધુ સરળ અને અસરકારક બનતુ જણાયુ.

પરિણામ - બાળકો અને શિક્ષકને Easy English Workbook ને કારણે અંગ્રેજી સરળ લાગતા રસ નિર્માણ થયો.

ઉપલબ્ધિ - આ ઈનોવેટીલ પુસ્તક દ્વારા ધો. ૩ થી ૫ ના અંગ્રેજી વિષયની વ્યાકરણ આધારિત અધ્યયન નિષ્પતિઓ સધ્ધિ થતી જણાય છે.




Scanned with OKEN Scanner

## EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** | **Let's Play English**

**શિક્ષકશ્રીનું નામ** | **પંચાલ નિતીનકુમાર ભરતકુમાર**

મોબાઈલ નં. ૮૨૩૮૯૧૪૩૫૫ ઈમેઈલ: ----

શાળાનું નામ વડીયા પ્રા.શાળા ૧, તા.સાયલા

હેતુઓ
૧. વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં રસ લેતા થાય.
૨. વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષા શીખે
૩. વિદ્યાર્થીઓ રમત દ્વારા ભાષા શિક્ષણનો આનંદ મેળવે.
૪. વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષાના પાઠ્યપુસ્તકમાંથી શીખેલ વિવિધ પ્રવૃત્તિઓનું દૃઢીકરણ કરતા થાય.
૫. વિદ્યાર્થીઓ વિવિધ શૈક્ષણિક ઉપલબ્ધીઓ સિધ્ધ કરે.

કાર્ય પદ્ધતિ
વિદ્યાર્થીઓ શાળામાં રીશેષ દરમ્યાન તેમજ નવરાશના સમયણાં સાપસીડી, લુડો જેવી બોર્ડ ગેમ્સ રમે. ભાષાને પણ આવી બોર્ડ ગેમ્સ સાથે જોડવામાં આવે તો વિદ્યાર્થીઓ બોર્ડ ગેમ્સ રમતા રમતા અંગ્રેજી ભાષા પણ શીખે. અંગ્રેજી ભાષાના પાઠ્યપુસ્તક આધારીત વિવિધ Functions તેમજ Learning outcomes આધારીત બોર્ડ ગેમ્સ તૈયાર કરવામાં આવી.

Ex.
- Where is my teddy bear ?
- Greetings !
- Star Command
- ABC Walking
- A cup of tea, please
- Let's go shopping
- What's your favorite.. ?
- Opposite race
- Guessing Game
- ABC Animals

વિદ્યાર્થીઓ આ બોર્ડ ગેમ્સ લે. બે કે ચારના ગ્રુપમાં સિક્કા, પાસા કે વિવિધ કુકરીઓની મદદથી આ ગેમ્સ રમે. દરેક ગેમના Rules અલગ છે. માટે જે તે ગેમના Rules પ્રમાણે રમશે.

સાધન સામગ્રી
વિવિધ બોર્ડ ગેમ્સ, ગેમ કાર્ડસ, કુકરી



Scanned with OKEN Scanner

## EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** વહેલી શાળા, વહેલા બાળકો, મારી શાળા, મારા બાળકો.

**શિક્ષકશ્રીનું નામ** ડાંગર વીરમભાઈ નાનુભાઈ


મોબાઇલ નં. ૯૦૯૯૪૪૧૫૫૫ ઇમેઇલ: ----

શાળાનું નામ શ્રી ગઢેચી પ્રા.શાળા, તા.ચોટીલા, જી.સુરેન્દ્રનગર

શાળાની યુટ્યુબ ચેનલ : gadhechiprathmikshala.ta.chotila


**હેતુઓ** ૧. સમયપાલન બાબતે જાગૃત બને ૨. વહેલા ઉઠવાની ટેવ વિકસે ૩. બાળકો હાજરી બાબતે જાગૃત થાય ૪.બાળકો પક્ષીઓ, વૃક્ષો પ્રકૃતિ સાથે તાદાત્મ્ય કેળવે, પોતાનાપણું માને ૫. સ્વસંચાલનનો ગુણ વિકસે ૬. જવાબદારીનો અહેસાસ થાય. આપણાપણાનો ભાવ જાગે ૭. પ્રકૃતિની ઉપાસનાથી માહિતગાર થાય

**કાર્ય પદ્ધતિ** દરરોજ સવારે ૯-૦૦ વાગ્યે શાળાના મેદનામાં એક મુખ્યશિક્ષક તરીકે હાજર થઇ જતો. જેના લીધે મારી શાળાના તમામ બાળકો હવે ૯-૦૦ વાગ્યા પહેલા જ હાજર થઇ જાય છે. અને ૯-૧૫ કલાકે તો લગભગ ૮૦ % હાજરી બાળકોની હોય છે. શાળાનું સમુહકાર્ય વહેલી પતાવી દેવામાં આવે છે. ૯-૨૦ પછીમારા બાળકોમાં કમ્પ્યુટરનો હાઉ દુર થાય અને કમ્પ્યુટરથી પરિચીત થાય એ માટે દરરોજ બેસાડવામાં આવે છે. દરોજ કમ્પ્યુટર પર ધોરણવાઇઝ બેસાડાય છે. જેના કારણે બાળકો કમ્પ્યુટરથી નજીક જતા જાય છે. બીજા ધોરણના બઆળકોને બાયસેગ વંદે ગુજરાતમાં આવતા એપીસોડમાં બતાવવામાં આવે છે. બાકીના રહેતા બાળકોને મારી હાજરીમાં મારી સાથે વૃક્ષોની માવજત, પક્ષીઓને ચણ, પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. રવિવારના દિવસે પણ જો બાળકોની ઇચ્છા હોય તો પુરો સમય ફાળવવામાં આવે છે. આ સમય ગાળા દરમ્યાન ન આવતા બાળકોના વાલીની પણ મુલાકાત લેવામાં આવે છે. તેના પ્રશ્નોને સાંભળવામાં આવે છે. વેકેશનમાં પણ શાળાને વહેલી ખોલવામાં આવે છે. અને આ સમયગાળા દરમ્યાન અમે બાળકો અને તેમના પરિવાર સાથે વધુ પ્રમાણમાં તાદાત્મ્ય કેળવી શકયા છીએ. મારા બાળકો તેમના અંગત પ્રશ્નો, ઘરના પ્રશ્નો, કુટુંબના, મિત્રોના પ્રશ્નો વિના સંકોચે આ સમયગાળા દરમ્યાન સૂચનપેટીમાં મુકી શકે છે. અને આ મારા બાળકના પ્રશ્નનો હલ થાય તેવા પ્રયત્ન સવારના ૯-૦૦ વાગ્યાથી ૧૦-૪૦ સુધીમાં કરી આપવામાં આવે છે. આ સમયગાળા દરમ્યાન બાળકોના વાલીઓને પણ બોલાવવામાં આવે છે.અને બાળકના અભ્યાસ, વર્તન વિશેની ચર્ચા કરવામાં આવે છે. અમારા આ વહેલીશાળા વહેલા બાળકો મારી શાળા મારા બાળકોની ઇનોવેશનના કારણે બાળકો, શાળા ગ્રામજનોમાં સરકારી શાળા મારીશાળા ની ભાવના જાગૃત કરવામાં સફળતા તરફ છીએ. દરરોજ સવારમાં ૯-૦૦ વાગ્યે શાળા ખોલી ફક્ત બાળકને કેન્દ્રમાં રાખીને પોઝેટીવ ઉર્જાથી કામ કરતા આજુબાજુના વાતાવરણમાં સમજમાં સરકારી શાળા ગર્વ લઇ શકે એવુ વાતાવરણ અંતરીયાળ વિસ્તારના ગામમાં ઉભુ કરવામાં સફળ થયા છીએ.

**ઉપલબ્ધિ**

- ધો.૫ પર્યા. પર્યાવરણ જાળવણીને લગતી પ્રાથમિક સમજણ અને ફરજોની સમજ કેળવશે.
- ધો.૫ પર્યા. સામુહદાયીકતા અને સહઅસ્તિત્વ વિશે જાણશે.
- ધો.૫ પર્યા. જાહેર મિલકતોને લગતી સામાજિક ફરજોને સમજે
- ધો.૬ ગુજ. સારી નરસી બાબતો વિશે ચિંતન કરી યોગ્ય નિર્ણય લઇ શકશે.
- ધો.૮ ગુજ. ગુજરાતી, કમ્પ્યુટર પરથી જરૂરી વિગતો શોધી તેની વોંધ કરી શકશે.
- ધો.૮ ગુજ. સારી નરસી બાબતો અંગે ચિંતન કરી સમજ કેળવશે.
- ધો.૮ ગુજ. વ્યક્તિગત અને જુથમાં સક્રિય ભાગ લેશે.
- ધો.૮ સામાજિક પર્યાવરણ પ્રદુષણ અને તેની અસરોથી માહિતગાર થઇ શકશે.
- ધો.૮ સામાજિક વિશ્વબંધુત્વની ભાવના કેળવી શકશે.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| **ઈનોવેશનનું નામ** | **પ્રવૃતિમય ગણિત-વિજ્ઞાન શિક્ષણ** |
| **શિક્ષકશ્રીનું નામ** | **જીવણભાઈ બી. વાઘેલા** |


મોબાઇલ નં. ૯૯૯૮૫૦૦૭૦૮ ઇમેઇલ: jbvaghrla10@gmail.com

શાળાનું નામ શ્રી શિયાણી પ્રાથમિક શાળા નં.૩, મુ.શીયાણી, તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર


નવતરપ્રવૃતિ માટે પ્રેરીત કર્યા હોય તેવી સમસ્યાનું વર્ણન : બાળકોને ગણિત અને વિજ્ઞાનમા એકમ શીખવી આગળ અભ્યાસક્રમ ચલાવતા જુનુ શીખવેલ જ્ઞાન ભુલી જાય છે. સત્રના અંતે ધારેલુ પરિણામ મળતુ નથી.

**હેતુઓ**

૧. વિદ્યાર્થીઓ ગણિત અને વિજ્ઞાન વિષયમાં રસ લેતા થાય.
૨. ભુમિતામાં પાયાનું જ્ઞાન મેળવી ગોખણપટ્ટીમાંથી બહાર આવે.
૩. પ્રવૃતિદ્વારા શિક્ષણ મેળવી લાંબાગાળાની યાદશક્તિ મેળવે.
૪. ગણિત વિજ્ઞાન મંડળની પ્રવૃતિને વેગ મળે.
૫. બાળકો જાતે ટી.એલ.એમ.નું નિર્માણ કરતા થાય.

**કાર્ય પદ્ધતિ**

ગણિત વિષયમાં ખાસ કરીને ભૂમિતિમાં બાળકો મોટા ભાગે ગોખણપટ્ટી કરે છે. આથી વિદ્યાર્થીઓમાં ભૂમિતિના પાયાના ખ્યાલોની સમજ માટે કાર્ડપેપર અને હાર્ડબોર્ડ માંથી ભૂમિતીની સંકલ્પના સમજાવવા માટે જુદાજુદા નમુના બનાવવામાં આવ્યા. તેની સાથે ગણિત કીટમાંથી પણ નમુના લીધા. તેના દ્વારા રેખાખંડ, કિરણ, રેખા, ખુણા અને તેના પ્રકાર, ખુણાનું માપ, ત્રિકોણના પ્રકાર, બહુકોણની સમજ, પાઇથાગોરસના પ્રમેયની સમજ, બહુકોણના પ્રકાર, વિકર્ણની સમજ, ચતુષ્કોણના પ્રકર અને ગુણધર્મો વગેરેની સમજ બાળકો દ્વારા બનાવેલ સાધનોથી સરળતાથી આપી શકાય છે. સાથએ જુ.ઓ.બોર્ડના ઉપયોગ કરી જ્ઞાન ને દ્દઢ કરી શકાય છે. આ રીતે વિજ્ઞાન વિષયમાં પણ એકમ અનુરુપ પ્રવૃતિ દ્વારા શિક્ષણકાર્ય કરી બઆળકોના જ્ઞાન ને વધારી શકાય છે. અમારી શાળાએ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં દરવર્ષે ભાગીદારી નોંધાવી અનેક મોડેલનું નિર્માણ કરી આ બંને વિષયમાં બાળકોની રસ તેમજ અભિરુચિ વધારી છે. વિજ્ઞાન જાગૃતિ માટે અંધશ્રધ્ધા નિવારણ માટે જાદુના પ્રયોગો કરવામાં આવે છે.

**સાધન સામગ્રી**

કાર્ડપેપર, ગુંદર, હાર્ડબોર્ડના ટુકડા, કાતર, કટર, વાલ્વટ્યુબ, વાસની સળીઓ, કોણમાપક, જી.ઓ.બોર્ડ

**ઉપયોગીતા**

એકમ શીખવી તરત કસોટી લેવામાં આવતી તો ૮૦ થી ૮૫ ટકા વિદ્યાર્થી સરસ પરિણામ આપતા. પરંતુ સત્રના અંતે ભૂલી જતા હતા. અને સત્રના અંતે લેવાતી કસોટીમાં માં ૫૦ ટકા બાળકો સારુ પરિણામ આપી શકે છે.

પ્રવૃતિ દ્વારા અને બાળકોએ જાતે બનાવેલ ટી.એલ.એમ.દ્વારા મેળવેલુ શિક્ષણ કાયમી યાદ રહે છે. બાળકોમાં જાતે કર્યાનો આનંદ હોય છે. બાળકો અનુભવનું જ્ઞાન પ્રાપ્ત કરતા થયા. બંને વિષયમાં રસ રુચી પેદા થઇ. હવે વિદ્યાર્થી જાતે આવા વૈજ્ઞાનિક રમકડા અને ગણિતન સરળ મોડેલ બનાવતા થયા છે.



Scanned with OKEN Scanner

## EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** | **વેસ્ટ માંથી બેસ્ટ અને શૈક્ષણિક રમકડા**

**શિક્ષકશ્રીનું નામ** | **ખોજાણી રૂબીનાબેન એમ.**


મોબાઈલ નં. ૯૭૨૩૦૭૬૬૫૫ ઈમેઈલ: ----

શાળાનું નામ શ્રી પે સેન્ટર શાળા નં. ૧, શીયાણી, તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર


હેતુઓ
૧. સતત ગેરહાજર કે અનિયમિત વિદ્યાર્થીઓને શાળાએ આવતા કરવા.
૨. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વિકસે
૩. વિદ્યાર્થીઓમાં સ્વનિર્ભરતાનો ગુણ ખીલે
૪. પોતે ખુદ કાર્ય કર્યાનો આનંદ મેળવે.

કાર્ય પદ્ધતિ
જુની જીન્સની પેન્ટ માંથી જુદા જુદા પ્રકારની થેલીઓ, પર્સ, મોજડી અને કાપડની વેસ્ટ કતરણ માંથી, થેલીઓ, બટવા, પર્સ, ગોદડીઓ, ટોપી, લંગોટ, રંગલા રંગલીના નાટક માટે ડગલો તથા શંકુ આકારની ટોપી, ફ્રીઝમાં શાકભાજી મુકવા માટે નેટની ચેનવાળઈ થેલીઓ, ટી.એલ.એમ. માટે શૈક્ષણિક રમકડા, સસલુ, કાચબો, હાથી વગેરે કાગળકામ આઇટમો જયારે પણ ફ્રી પડુ ત્યારે શાળામાં તથા ઘેર બનાવુ છું. અધુરા નમુના પૂર્ણ કરવા કઇ રીતે બનાવ્યુ તેની સમજ આપુ છું.

સાધન સામગ્રી
જીન્સના જુના પેન્ટ, કાપડની કતરણ, બટન, નેટ, દોરી, વેલક્રો, ચેન, ખાલી તેલનો, કાતર, સ્પંચ, સોય, દોરો, રૂ, ટીકો, કાગળ, પેન વિગેરે

ઉપયોગીતા
- બાળકો સર્જનાત્મક કૌશલ્ય પ્રાપ્ત કરે છે.
- સિલાઇ કાર્ય શિખવાથી પોતાના ઘર માટે તો ઉપયોગી છે જ પરંતુ, ભવિષ્યમાં પણ આર્થિક ઉપાજન મેળવી શકે છે. ગ્રામિણ પ્રક્રિયા કરી શકે છે.

ઉપલબ્ધિ
- શાળઆમાં ગેરહાજરીનું પ્રમાણ ઘટે છે.
- સિલાઇ કામની પ્રવૃતિ થતી હોવાથી વાલીઓ પમ બાળકોને શાળામાં મોકલે છે.

નોંધ
આ નમુનાઓ અન્ય શાળાઓમાં પણ કરાવવામાં આવ્યા છે. અને સર્જનાત્મકતા તેમજ સ્વનિર્ભરતા વિકસાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે. (કાપડ માંથી ડ્રેસ અને બીજુ ઘણુ બનાવી શકુ છું.)




Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| ઈનોવેશનનું નામ | મેથ્સ મેજીક કલોક |
| શિક્ષકશ્રીનું નામ | ઘોસિયા આશાબેન મુળુભાઈ |


મોબાઈલ નં. ૯૯૨૪૯૦૨૬૩૫ ઈમેઈલ: ----ashaghosiya123@gmail.com

શાળાનું નામ શ્રી ઘારૈઈ પ્રાથમિક શાળા-૧, તા.ચોટીલા, જી.સુરેન્દ્રનગર


**હેતુઓ**

૧. ગણિત અઘરો વિષય છે તેવો ડર દૂર થાય.

૨. બાળક ગણિતમાં વધારે રસ અને રુચી કેળવે અને જાતે શીખતો થાય.

**કાર્ય પદ્ધતિ**

સૌપ્રથમ બે અલગ અલગ કલરની કાર્ડશીટ લેવાની. તેને વર્તુળ આકારમાં કટ કરવાની. આ બંને વર્તુળ પર બાળકને જે વસ્તુ શીખવવાની છે તેને એવી રીતે લખવામાં આવે છએ કે જેથી બે સંખ્યાઓ વચ્ચે સરવાળા, બાદબાકી, ગુણાકાર, સજાતીય પદો કે વિજાતીય પદો, એકપદી, દ્વિપદી કે પછી ત્રિપદી જે ટોપીક વિશે બાળકને શીખવાનું છે તેનો સાચો જવાબ વર્તુળ પર આપેલી વિન્ડોમાં દેખાશે. જેથી બઆળક પહેલા તો જાતે પ્રયત્ન કરશે એ તેણે કરેલો પ્રયત્ન સાચો છે કે ખોટો તે વિન્ડોમાં એ સરળતાથી જોઇ શકાશે. બાળક જાતે જ આવા અલગ અલગ ટોપીક પર શીખે છે. અને તેણે જાતે જ શીખેલુ છે માટે તેના આત્મવિશ્વાસમાં વધારો થશે.

**સાધન સામગ્રી**

વર્તુળ આકારના કાર્ડ, સ્કેચપેન

**ઉપયોગીતા**

ગણિતનો કોઇ મુદ્દો જે બાળકને કઠીન લાગે છે તેને સરળ સ્વરૂપે રજૂ કરી શકે છે. બાળકની શીખવાની ક્ષમતામાં વધારો થતો જોવા મળ્યો છે. રિસેસના સમયે બાળક જૂથ ચર્ચા કરે છે. જેથી સમુહભાવના જોવા મળી છે.

**ઉપલબ્ધિ**

- એકપદી, દ્વિપદી અને ત્રિપદી વિશે સમજ કેળવી શકે.
- સજાતિય પદો અને વિજાયતીય પદોની સમજ આવી શકે.
- એકપદી સાથે એકપદીન આસરવાળા અને ગુણાકાર કરી શકે.
- એકપદી સાથે દ્વિપદીના સરવાળા, બાદબાકી અને ગુણાકાર કરી શકે.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** | **અસંખ્ય સુધી ઘડિયાની સમજ**

**શિક્ષકશ્રીનું નામ** | **રેણુબેન ગણેશદત્ત જોષી**


મોબાઈલ નં.૮૮૬૬૨૦૩૨૬૯ ઈમેઈલ: ----renu.dharti@gmail.com

શાળાનું નામ શાળઆ નંબર-૨, પાણશીણા, તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર


હેતુઓ

૧. વિદ્યાર્થીઓ જાતે કોઈ મદદ વિના ઘડિયા બનાવતા શીખે

૨. વિદ્યાર્થી ગુણાકાર અને ભાગાકાર કરતા શીખે.

કાર્ય પદ્ધતિ બાળકને ૧ થી ૮ સુધીના ઘડીયા ફરજીયાત આવડવા જોઈએ. વિદ્યાર્થીને સરવાળા આવડતા હોય તો તે આ પદ્ધતિ દ્વારા અસંખ્ય સુધીના ઘડિયા બનાવી શકે છે.

ઉદા : ૧૪ નો ઘડિયો

| | | | |
|---|---|---|---|
| ૧ | ૦૪ | ૧ +૦ | ૪ = ૧૪ |
| ૨ | ૦૮ | ૨ +૦ | ૮ = ૨૮ |
| ૩ | ૧૨ | ૩ +૧ | ૨ = ૪૨ |
| ૪ | ૧૬ | ૪ +૧ | ૬ = ૫૬ |
| ૫ | ૨૦ | ૫ +૨ | ૦ = ૭૦ |
| ૬ | ૨૪ | ૬ +૨ | ૪ = ૮૪ |
| ૭ | ૨૮ | ૭ +૨ | ૮ = ૯૮ |
| ૮ | ૩૨ | ૮ +૩ | ૨ = ૧૧૨ |
| ૯ | ૩૬ | ૯ +૩ | ૬ = ૧૨૬ |
| ૧૦ | ૪૦ | ૧૦+૪ | ૦ = ૧૪૦ |

- ૧૪ ના ઘડિયામાં પ્રથમ ૧ નો ઘડિયો લખવો. પછી બાજુમાં આવતા ૪ નો ઘડિયો લખવો એમા આવતા ૪ ના ઘડિયામાં એકમ સ્થાન પર આવતી સંખ્યા જેવી છે તેવી લખી દેવી.
- એક ઘડીયામાં દશકના સ્થાન પર આવતી સંખ્યા અને ચાર ના ઘડિયામાં એકમ સ્થાન પર આવતી સંખ્યાનો સરવાળો કરવો અને પછઈ એમ એકમ અને દશક અને સૌના સ્થાન પર આવતી સંખ્યા મળે છે. અને જે બાજુમાં ઉદા. તરીકે દર્શાવેલ છે.

ઉપયોગીતા વિદ્યાર્થી કોઈપણ ઘડિયા બનાવી શકે છે. ગુણાકાર અને ભાગાકાર સરળતાથી કરી શકે છે.

ઉપલબ્ધિ વિદ્યાર્થી ગુણાકાર અને ભાગાકાર કરતા શીખે.




Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** — **મૂલ્ય ઘડતર દ્વારા જીવન ઘડતર**

**શિક્ષકશ્રીનું નામ** — **મુકેશકુમાર સી. બદ્રેશિયા**


મોબાઈલ નં. ૯૮૭૯૪૯૭૫૫૫ ઈમેઈલ: ----mspatd55972@gmail.com

શાળાનું નામ પે. સે. શાળા નં.૧૬, સુરેન્દ્રનગર


હેતુઓ
૧. બાળકોમાં સુટેવોનું ઘડતર કરવું
૨. બાળકોમાં સંવેદનાનું સિંચન કરવુ.
૩. બાળકોમાં પરોપકારની ભાવના વિકસાવવી

કાર્ય પદ્ધતિ
શાળાના એક બાળકે ૨૦ રૂપિયા બીજા બાળકના દફતર માંથી છાના માના લઇ લીધા. સમાચાર મને મળ્યા. તે જ દિવસે બાળકોની કુટેવોની નાબુદી માટે કંઇક નક્કર કરવુ પડશે એવો વિચાર આવ્યો. અને બાળકોના મુલ્યઘડતર કરવાની કાર્યપદ્ધતિ મેં શરુ કરી. પ્રાર્થના સભામાં શરૂઆતમાં દરરોજ એક મૂલ્યલક્ષી વાર્તા કહેવાની શરૂઆત કરી. બાળકો મૂલ્યલક્ષી વાર્તાઓ વાંચે તે માટે રિશેષના સમયમાં આયોજન ગોઠવ્યું. બાળકો હોંશે હોંશે બાળવાર્તાઓ વાંચતા થયા. વાંચન કરતા બાળકોને પ્રોત્સાહન માટે પેન, પન્સિલ, ફુલસ્કેપ ચોપડા દ્વારા આપવામાં આવ્યુ. પ્રાર્થના સભામાં પ્રેરણા સમાહ અંતર્ગત દરરોજ એક જાણીતી સન્માનનીય વ્યક્તિને બોલાવવામાં આવી. જેમાં બાળકો તેનું ઇન્ટરવ્યુ પણ લેતા. જૈન સાધુ, સ્વામિનારાયણના સંત, બ્રહ્માકુમારીના બેન, લેડી પી.એસ.આઇ. તથા પી.આઇ., મુસ્લિમ મૌલવી, પત્રકાર વિગેરેને બોલાવી તેમની પાસેથી પ્રેરણાત્મક મૂલ્યલક્ષી વાતો બાળકોને કરવામાં આવી. બાળકોમાં શાશ્વત મૂલ્યોની સાથે સાથે પર્યાવરણીય મૂલ્ય અને સંવેદનાના ઘડતર માટે ચકલી બચાવો અંતર્ગત બાળકોને ફ્રીમાં ચકલીના માળા આપવામાં આવ્યા. તેમજ પાણીના કુંડા અને મોબાઇલ ચબુતરાનું પણ ફ્રીમાં વિતરણ કરવામાં આવ્યુ. પર્યાવરણીય સંવેદનાના સિંચન માટે વેસ્ટ માંથઈ બેસ્ટ અંતર્ગત ૭૦ જેટલા ફુલછોડના કુંડા નકામી પાણીની ૨૦ લી. ની બોટલ માંથી કાપીને બનાવવામાં આવ્યા. અને તેના ઉછેરની જવાબદારી બાળકોને સોંપવામાં આવી. બાળકોની મદદની (પરોપકાર) ભાવના વિકસે તે માટે આયોજન થયુ. બાળકોને એક સમાહ કીવી, સ્ટ્રોબેરી, ચેરી, નાસ્પતિ તેમજ સફરજન જેવા ફળોનું વિતરણ કરવામાં આવ્યુ. અને તેમને કહેવામાં આવ્યુ કે તમારે તમને મા બાપે વાપરવા આપેલ પૈસામાંથી થોડાક પૈસા આ ગલ્લામાં નાખવાના છે. ગલ્લામાંથી મળેલ પૈસા અને થોડા શિક્ષકોએ પૈસા કાઢી તેના ફળ લઇ બાળકોની ધો. ૬ થી ૮ ની ટીમ બનાવી બાજુની ટી.બી. હોસ્પિટલમાં બાળકોના હાથે જ ફળો વહેંચવામાં આવ્યા. બાળકોને લઇને મેળાના મેદાનમાં લઈ જઇ તેમના હાથે જ કબૂતરોને જુવાર નાખવામાં આવી. ત્યા હજારો કબૂતરો જોઇ બાળકો રાજી થયા.

ઉપયોગીતા
બધા જ પ્રયત્નોને કારણે બાળકોને મળતી કોઇ પણ સ્તુ કે પૈસા તેઓ ઓફિસમાં જમા કરાવતા થયા. બાળકોની કુટેવો બંધ થઇ અને તેમનામાં સુટેવોનું ઘડતર થયું. બાળકો પણ અંદરો અંદર એકબીજાને મદદ કરતા થયા.

ઉપલબ્ધિ
- શિક્ષણનો ઉદ્દેશ જ બાળકના ચારિત્ર્યના ઘડતરનો છે. જે આ ઇનોવેશનથી સિધ્ધ થતો જણાયો.
- બાળકનું શબ્દભંડોળ વધ્યુ તેમજ ઇતર વાંચનનો તેનો શોખ વધ્યો.
- બાળકનો આત્મવિશ્વાસ વધ્યો. તેનો સ્ટેજ ફીવર દૂર થયો.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| Name of Innovation | **Tradition Learning vs Blended Learning** |
| Name of Teacher | **Dr. Rohit Bagthariya** |

**Mobile No.: 09998438888**
**School Name and Address: Government Secondary School – Piprali**
**Ta. Chotila, Dist. Surendranagar**

**Objectives:**

The main objective of this study is to make a contribution towards improving the quality of teaching English subject in the Government Secondary school by investigating the impact of Blended Learning method on students' achievement. Hence, in essence the specific objectives of this study are as follows: To develop Blended Learning Programme on the units of English grammar for secondary school students. To find the effectiveness of Blended Learning Programme on achievement of the secondary school students.

**Tools:**

Mobile, computer, Internet, Teacher made test.

**Methodology:**

The aim of the study was to find out the effect of blended learning on achievement of secondary school students. So, the researcher had selected the content. At first, researcher had developed the blended leaning programme. To measure the achievement, the test of 25 marks was constructed. The experiment was conducted using two group only post-test design, which was experimental research design. One group was treated with traditional learning and second with blended learning. At the end of the experiment to know the achievement of the students' post-test of 25 marks was given to the subjects of the experiment.

**Significance:**

This study, to the best of the researcher's knowledge, is the first of its kind at the secondary level schools, aiming at investigating the effects of the blended learning compared to the traditional learning method on the students' achievement. However, the results of this study are expected to clarify issues for policy makers regarding the teaching of English in secondary schools. Likewise, it will clarify issues for those in charge of training by providing useful information about the effectiveness of the different methods of education on the learning of English.

**Finding:**

There was significant difference between the mean achievement scores of students who were taught through Traditional Learning and blended learning. It was found that students of blended learning group were better than the traditional learning group.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| **ઈનોવેશનનું નામ** | **Digital Homework which is checked by parents.** |
| **શિક્ષકશ્રીનું નામ** | **મેંઢા ધ્વનિબેન એ.** |


મોબાઈલ નં. ૯૪૦૮૮૮૯૮૨૬ ઈમેઈલ: ----dhvanimendha@gmail.com

શાળાનું નામ શ્રી કુકડા પ્રા.શાળા, તા.મુળી, જી.સુરેન્દ્રનગર


**હેતુઓ**

૧. વિદ્યાર્થીઓ મોબાઈલનો શૈક્ષણિક ઉપયોગ કરતા શીખે.
૨. વિદ્યાર્થીઓ રેકોર્ડીંગ કરતા શીખે.
૩. વિદ્યાર્થીઓ ઘેર ઉત્સાહથી વાંચન કરતા થાય.
૪. વિદ્યાર્થીઓને પોતાનો અવાજ સાંભળી સ્વમૂલ્યાંકન માટેની તક મળે.
૫. વિદ્યાર્થીઓને સ્વ.અધ્યયન દ્વારા શ્રુતલેખન કરવાની તક મળે.
૬. પેરેન્ટ્સ પોતાની નિરક્ષરતા અને સમયના અભાવની મર્યાદાની સાથે પોતાના બાળકોને હોમવર્ક કરવામાં મદદ કરે.

**કાર્ય પદ્ધતિ**

વિદ્યાર્થીઓએ પોતાના ઘેર પોતાના વાલીના મોબાઈલમાં ફકરાનું વાંચન કરતા કરતા રેકોર્ડીંગ કરવું. પોતે કરેલ રેકોર્ડીંગ વાલીને સંભળાવવું. વિદ્યાર્થીઓએ પોતાના રેકોર્ડીંગને બે વાર સાંભળવું અને ઉચ્ચારણમાં થયેલ ભૂલનું સ્વ.મૂલ્યાંકન કરવું. રેકોર્ડીંગનું સ્વમૂલ્યાંકન કર્યા બાદ તેને સાંભળતા સાંભળતા શ્રુતલેખન કરવું.

**સાધન સામગ્રી** પેરેન્ટ્સનો મોબાઈલ

**ઉપયોગીતા**

- વિદ્યાર્થીઓ મોબાઈલનો શૈક્ષણિક ઉપયોગ કરતા શીખશે.
- વિદ્યાર્થીઓ રેકોર્ડીંગ કરતા શીખશે.
- વિદ્યાર્થીઓ ઉત્સાહ સાથે વાંચન કરતા થશે.
- વિદ્યાર્થીઓને પોતાના અવાજને સાંભળી સ્વમૂલ્યાંકન કરવાની તક મળશે.
- વિદ્યાર્થીઓને સ્વઅધ્યયન દ્વારા શ્રુતલેખન કરવાની તક મળે છે.
- નિરક્ષરતા અને સમયના અભાવની મર્યાદા સાથે વાલી વિદ્યાર્થીઓના હોમવર્કમાં મદદ કરી શકશે.

**ઉપલબ્ધિ**

- ૨.૬.૧. પરિચિત પરિસ્થિતિમાં હાવભાવ સાથએ ખચકાયા વિના બોલી શકશે.
- ૨.૬.૬. શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી વિરામચિહ્નોનો ઉપયોગ કરી શ્રુતલેખન કરી શકશે.
- ૪.૬.૨. આત્મવિશ્વાસપૂર્વક પોતાની વાત રજૂ કરી શકશે.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| | |
|---|---|
| ઈનોવેશનનું નામ | ગણિત વિજ્ઞાન શિક્ષણમાં ઉપયોગી વર્કીંગ એપ્સનું નિર્માણ |
| શિક્ષકશ્રીનું નામ | હાર્દિકભાઈ વી. પટેલ |


મોબાઇલ નં. ૯૬૬૪૫૦૬૧૬૭ ઇમેઇલ: ----

શાળાનું નામ શ્રી ચમારજ પગારકેન્દ્ર શાળા, મુ.ચમારજ, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર


**હેતુઓ**

૧. ગણિત અને વિજ્ઞાન વિષયની પાયાગત સંકલ્પનાઓ વર્કીંગ એપ્સ, એકટીવીટી અને એનિમેશન દ્વારા સમજાવવી.

**કાર્ય પદ્ધતિ**

Play Store પરથી અથવા www.geogebra.org વેબસાઇટ geogebra app પરથી ડાઉનલોડ કરી શકાય છે. જે એપનો ઉપયોગ કરીને તમે ગણિત, વિજ્ઞાન કે અન્ય કોઇપણ વિષયના કોઇ ટોપીકને અનુરુપ વર્કીંગ એપ, એકટીવીટી કે એનિમેશન જાતે બનાવી શકો છો. એપ માં રહેલ વિવિધ ટુલ્સ જેવા કે બિંદુ, રેખા, રેખાખંડ, બહુકોણ, સમાંતર રેખા, લંબરેખા, ખૂણાનું માપન, ઈન્સર્ટ ટેક્ટ, સ્લાઇડર વગેરેનો ઉપયોગ કરીને વર્ગખંડમાં ટોપીકને અનુરુપ એકટીવીટી કરી શકાય છે. તથા કલર, સાઇઝ વગેરે એડીટીંગ ઓપ્શનનો ઉપયોગ કરીને તમે કરેલ કાર્યને સેવ કરી ગમે ત્યારે વર્કીંગ એપ તરીકે ઉપયોગ કરી શકાય છે. ઉદા. વિજ્ઞાન વિષયમાં ૧ થી ૧૮ પરમાણુક્રમાંક ધરાવતા તત્વો વિશેની માહિતી અને ઇલેક્ટ્રોન રચના સમજાવવા માંગીએ છીએ તો તે માટેની એક વર્કીંગ એક મે જાતે બનાવી છે જેમા માત્ર પરમાણું ક્રમાંક એન્ટર કરવાથી તે તત્વનું નામ, સંજ્ઞા, પ્રોટોન ન્યુટ્રોન, ઇલેક્ટ્રોનની સંખ્યા, પરમાણુંભાર વગેરે માહિતી ઓટોમેટીક આવી જાય છે. તથા તે તત્વની ઇલેક્ટ્રોન રચનાનું એનિમેશન ઓટોમેટીક ક્રીએટ થઇ જાય છે. જેથી વિદ્યાર્થીને લાઇવ પ્રથમ કક્ષામાં દ્વિતિય કક્ષામાં અને તૃતિય કક્ષામાં રહેલા ઇલેક્ટ્રોન દેખાડી શકાય છે. અને ઇલેક્ટ્રોન રચનાનો કન્સેપ્ટ બેસ્ટ રીતે સમજાવી શકાય છે. મે રજૂ કરેલ ઇનોવેશનમાં ઉપર જણાવ્યા મુજબ ઘણા બધા ટોપીક ઉપર વર્કીંગ એપ્સ, એકટીવીટી તથા એનિમેશન બનાવેલ છે. જેમાંથી કેટલાક નીચે મુજબ છે. (૧) વર્તુળના ક્ષેત્રફળના સુત્રની તારવણી કરતુ એનિમેશન (૨) સરવાળા બાદબાકીની ક્રિયાની પાયાગત સમજણ આપતુ એનિમેશન (૩) બહીર્ગોળ લેન્સ વડે રચાતા પ્રતિબિંબો સમજવા માટેની એકટીવીટી (૪) સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ સમજાવતુ થ્રીડી મુવેબલ એનિમેશન (૫) આપેલા નંબરને રોમન નંબરમાં કન્વર્ટ કરી આપતી વર્કીંગ એપ (૬) નળાકારનું ઘનફળ, સચિત્ર સમજાવતી વર્કીંગ એપ (૭) સાદા વ્યાજ, ચક્રવૃધ્ધિ વ્યાજ તથા તફાવતના દાખલાના સ્ટેપની સમજૂતિ આપતી વર્કીંગ એપ (૮) (a+b) 2, (a-b) 2 ના વિસ્તરણ સૂત્રોની સમજૂતિ આપતી એકટીવીટી

**સાધન સામગ્રી** કોમ્પ્યુટર અથવા મોબાઇલ, Geogebra App

**ઉપયોગીતા**

- પ્રસ્તુત ઇનોવેશનમાં રજૂ કરેલ તમામ એકટીવીટી વિદ્યાર્થી જાતે કોમ્પ્યુટર અથવા મોબાઇલમાં ઓપરેટ કરી શકે છે.
- આકર્ષક રંગપુરણી અને ગોઠવણીને લીધે ધ્યાનકેન્દ્રીકરણ વધે છે.
- ખૂબ જ ઓછી સાઇઝ ( only 1 mb) રોકતુ હોવાના કારણે પેનડ્રાઇવ કે અન્ય ઉપકરણ વડે વ્યાપ સરળ છે.

**ઉપલબ્ધિ**

- મિશન વિદ્યા દરમિયાન પ્રિયબાળકો સાથે કામ કરતી વખતે સરવાળા બાદબાકીની પાયાગત સમજણ આપતુ એનિમેશન ખૂબજ સફળ રહ્યુ હતું.




Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



| ઈનોવેશનનું નામ | Easy Geometry in Metsh |
|---|---|
| શિક્ષકશ્રીનું નામ | હિતેષકુમાર જગદીશકુમાર ચાવડા |

મોબાઇલ નં. ૯૯૦૪૪૮૪૩૩૬ ઇમેઇલ: ----hjchavda25@gmail.com

શાળાનું નામ શ્રી ઉચ્ચ પ્રાથમિક શાળા નં.૧૩, થાનગઢ, જી.સુરેન્દ્રનગર

**નવતર પ્રવૃત્તિ માટે પ્રેરીત કર્યા હોય તેવી સમસ્યાનું વર્ણન :**

શાળાના ધો. ૬ થી ૮ ના ૮.% જેટલા વિદ્યાર્થીઓ ખૂણાના પ્રકારો, ખૂણાના માપ, ત્રિકોણની બાજુ તથા ખૂણાના આધારે પ્રકારો સમજવામાં તેમજ વર્તુળનો પરિઘ, ચોરસ, લંબચોરસની પરિમિતિનો સ્પષ્ટ અને ચોક્કસ પ્રકારનો ખ્યાલ મેળવવામાં તેમજ સમજવામાં અને લાંબા સમય સુધી તેને યાદ રાખવામાં મુશ્કેલી અનુભવતા હતા.

**નવતર પ્રયોગની સંપૂર્ણ વિગત :**

વિદ્યાર્થીઓ ખૂણા અને ત્રિકોણ વિશેનું સ્પષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરી શકે અને તેની સંકલ્પના સિધ્ધ થાય તે હેતુથી પુંઠાના એક બોક્ષમાંથી કોણમાપક, માપપટ્ટી, રંગીન કાગળ વગેરેનો ઉપયોગ કરી એક એવા સાધન (શૈક્ષણિક સાધનની) રચના કરી કે જેથી ઉપરોક્ત મુદ્દા બાળક ઝડપથી જાતે જ શિખતો થાય. તેમજ વર્તુળનો પરિઘ તથા ચોરસ લંબચોરસની સંકલ્પના વિદ્યાર્થી સ્પષ્ટપણે સમજી શકે તે હેતુથી લાકડાના પાટીયા માંથી એક એવુ મોડેલ તૈયાર કર્યુ કે જેન દ્વારા વર્તુળનો પરિઘ તથઆ ચોરસ લંબચોરસની પરિમિતિ અંગેનો ખ્યાલ વિદ્યાર્થીમાં સ્પષ્ટ થાય.

**પ્રયોગના અમલીકરણનું મૂલ્યાંકન :**

ભૂમિતિના શૈક્ષણિક કાર્ય દરમ્યાન જ્યારે ઉપરોક્ત મોડેલનો ઉપયોગ કરવામાં આવ્યો ત્યારે વિદ્યાર્થીઓમાં ખૂણાના પ્રકારો અને માપ તથા ત્રિકોણના પ્રકારો અને માપની સંકલ્પન સ્પષ્ટ થતી જણાઇ તથા વર્તુળના પરિઘ તેમજ ચોરસ લંબચોરસની પરિમિતિ અંગેની સંકલ્પના સિધ્ધ થઇ તેમજ શિખવા શિખવવાની પ્રક્રિયા ખૂબ જ ઝડપી બની.

**પ્રાપ્ત થયેલ પરિણામો**

બંને પ્રકારના મોડેલના ઉપયોગથી ખૂણાના પ્રકારો, ત્રિકોણના પ્રકારો વિશે, વર્તુળના પરિઘ અને ચોરસ, લંબચોરસની પરિમિતિ વિશેના ખ્યાલ વધુ સ્પષ્ટ તેમજ લાંબા સમય સુધી યાદ રાખી શકયા તેમજ શિખવાની પ્રક્રિયામાં ૭૭% જેટલો વધારો થતો જણાયો.

**નવતર પ્રવૃતિની વર્તમાન સ્થિતિ :**

ભૂમિતિ વિષયક વર્તુળ, ખૂણા, ચોરસ, લંબચોરસની પરિમિતિ, તેમજ ખૂણા અને ત્રિકોણના એકમને સ્પષ્ટ પણે સમજાવવા હાલમાં આ મોડેલ શાળામાં ઉપયોગી અવસ્થામાં છે.



Scanned with OKEN Scanner

## EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** **પ્રવૃતિ દ્વારા જોડણી સુધારવી**

**શિક્ષકશ્રીનું નામ** **પ્રતાપભાઇ ગંગારામભાઇ જાદવ ( HTAT આચાર્ય)**


મોબાઇલ નં. ૯૭૨૩૯૮૨૬૧૦ ઇમેઇલ: ----

શાળાનું નામ શ્રી જેગડવા ઉચ્ચતર પ્રાથમિક શાળા, મુ.જેગડવા, તા.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર


હેતુઓ

૧. વિદ્યાર્થીઓ જોડણીના નિયમો સમજી શકે
૨. વિદ્યાર્થીઓ માતૃભાષા તેમજ રાષ્ટ્રભાષામાં રસ લેતા થાય.
૩. નવરાશની પળોનો ઉપયોગ શિક્ષણ માટે થાય
૪. ભાર વગરનું ભણતરનો હેતુ સિધ્ધ થાય
૫. પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ મેળવે.

કાર્ય પદ્ધતિ

મિશન વિદ્યા કાર્યક્રમ દરમ્યાન ધ્યાનમાં આવ્યુ કે ઘણા વિદ્યાર્થીઓ શ્રુતલેખનમાં જોડણીમાંભૂલો કરતા હતા. આ સમસ્યા દૂર કરવા માટે ઘણી બધી બાબતોના વિચાર બાદ તારણ પર આવ્યો કે જો વિદ્યાર્થીઓને પ્રવૃતિ દ્વારા જોડણીના નિયમોની સમજ આપવામાં આવે તો તેઓ ઝડપથી જોડણીના નિયમોની સમજ મેળવે છે. તેને માટે હું જયારે વર્ગખંડમાં વિષય શિક્ષણ આપુ ત્યાર બાદ એક જોડણીનો નિયમ સમજાવુ. હવે વિદ્યાર્થીઓ આ નિયમની સમજ મેળવી છે કે નહી તેને એક પ્રવૃતિ કરુ. રિશેષ દરમ્યાન બ્લેક બોર્ડમાં એક ફકરાનું લેખન કરવામાં આવે છે. તે ફકરામાં જાણી જોઇને પાંચ જોડણી ખોટી લખવામાં આવે. વિદ્યાર્થીઓ નવરાશની પળોમાં બ્લેક બોર્ડમાં ફકરાનું વાંચન કરે અને ફકરામાં જે જોડણી ખોટી હોય ત્યાં ગોળ રાઉન્ડ કરે અને નીચે સાચી જોડણી લખે. બાજુમાં પોતાનું નામ લખે જેથી કોણે જોડણી સુધારી તેની આપણને જાણ થાય. આ વિદ્યાર્થીનું પ્રાર્થના કાર્યક્રમમાં સન્માન કરવામાં આવે. આવી ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં ફકરા લખી વિદ્યાર્થીઓ પ્રવૃતિ દ્વારા જોડણીના નિયમો શીખે.

સાધન સામગ્રી

કાળુ પાટિયુ, ચોક, કાર્ડશીટ, માર્કરપેન, ડસ્ટર

ઉપયોગીતા

- વિદ્યાર્થીઓમાં જોડણી પ્રત્યે ધ્યાન કેન્દ્રીત થાય
- આનંદદાયી શિક્ષણ મેળવતા થાય
- વિદ્યાર્થીઓનો જોડણી પ્રત્યેનો અણગમો દૂર થાય
- નવરાશની પળોનો ઉપયોગ

ઉપલબ્ધી

- વિદ્યાર્થીઓ ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં સાચી જોડણી પ્રત્યે રસ લેતા થયા.
- જોડણીમાં થતી ભૂલોની સંખ્યામાં ઘટાડો થયો.
- હોંશે હોંશે જોડણીના નિયમો શીખતા થયા.
- નવરાશની પળોમાં મજાક, મશ્કરી, તોફાનમાં ઘટાડો થયો તેનો ઉપયોગ શિક્ષણ મેળવવામાં થયો.
- મને શૈક્ષણિક નવાચાર માટેની પ્રેરણા મળી. હજી વધારે ઇનોવેશન કરવા માટેની પ્રેરણા મળે.




Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** — **શબ્દ રમતથી જોડણી શીખવી.**

**શિક્ષકશ્રીનું નામ** — **કનુજી કેશાજી ઠાકોર (કનકસિંહ)**


મોબાઇલ નં. ૯૭૩૭૫૭૩૬૮૩ ઇમેઇલ: ----kanaksinhthakor1983@gmail.com

શાળાનું નામ શ્રી છત્રોટ પ્રા. શાળા. તા.પાટડી, જી.સુરેન્દ્રનગર


હેતુઓ
૧. રમતા રમતા શબ્દો શીખે.
૨. જોડણીથી પરિચિત થાય
૩. સાચી જ જોડણી લખતા થાય
૪. માતૃભાષા પ્રત્યે રૂચિ લગાવ જાગે
૫. જોડણીદોષ ટાળી શકાય

કાર્ય પદ્ધતિ બાળકોને શબ્દ આપવામાં આવે તે શબ્દ ઉપરથી તે તેના જેવા બીજા શબ્દ ગોતે છે.

ઉદા. 'ઇક' ની રમત – સામાજિક, ધાર્મિક ( િ ) હ્રસ્વ ઇ
ય, યા, યો, યુ ની રમત – પિયુ, દિયર ( િ ) હ્રસ્વ ઇ
'ઇન' ની શબ્દ રમત – નવીન, સમકાલીન ( ી ) દિર્ઘ ઇ
'ઇય' ની શબ્દ રમત – વંદનીય, ભારતીયા ( ી ) દિર્ઘ ઇ
'ઇત' કે 'ઇતા' ની રમત – રચિત, રચિતા ( િ ) હસ્વ ઇ
'વતી' કે 'મતી' ની રમત– મધુમતી, ભગવતી ( િ ) હસ્વ ઇ
'તિ' (સ્ત્રીલીંગ) ની રમત – સ્વાતિ, પ્રીતિ ( િ ) હસ્વ ઇ

- ફ્રી સમયે કરાવી શકાય, રમત ગમતથી શબ્દોનુ જ્ઞાન વધે
- શબ્દકોશનો ઉપયોગ થાય.. વગેરે
  આ રીતે બે અક્ષરની રમત – સીડી, બીડી
- ત્રણ અક્ષરની રમત – લનાવ, ખીચડી
- ચાર અક્ષર કે તેથી વધુ અક્ષરની શબ્દ રમત – ખિસકોલી, ગુજરાતી

સાધન સામગ્રી રંગીન કાગળો, ફાઇલો, સ્કેચપેન, કાર્ડ પેપર

ઉપયોગીતા શબ્દ રમતા રમતા શબ્દો શીખાય
- સમયે શીખે
- ઉત્સાહ, ઉમંગ, જિજ્ઞાસા વધે
- જોડણીદોષ ટાળી શકાય
- શબ્દકોશનો બહોળો ઉપયોગ થાય.
- ધો. ૬-૭-૮માં ગુજરાતી ભાષામાં થતી જોડણી ભૂલ ટાળી શકાય.
- માતૃભાષા પ્રત્યે લગાવ જાગે
- શબ્દભેદ, અર્થભેદથી થતા ગોટાળા દૂર થાય.

ઉપલબ્ધિ
- ફ્રિ, સમયનો બાળકો ઉપયોગ કરતાં થયા.
- રમતા-રમતા શબ્દો શીખ્યા
- જોડણીની ભૂલો થતી બંધ થઇ.
- જોડણીદોષથી થતા ગોટાળા વિશે વાકેફ થયા અખૂટ શબ્દભંડોળ વિકસ્યુ.
- શબ્દકોષનો ઉપયોગ વધ્યો.
- જોડણીદોષની સમસ્યાનું નિવારણ થયું.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** : **પ્રાર્થના કાર્યક્રમમાં વિદ્યાર્થી દ્વારા વિજ્ઞાનના સાધનો અને રસાયણોની ઓળખ**

**શિક્ષકશ્રીનું નામ** : **રૂપાલા મેહુલકુમાર આર.**

મોબાઇલ નં. ૯૮૭૯૭૭૬૨૪૮ / ૯૭૧૨૯૯૯૯૦૦ ઈમેઈલ: ----mehulrupala139@gmail.com

શાળાનું નામ નાડધ્રી પ્રાથમિક શાળા, તા.મુળી, જી.સુરેન્દ્રનગર

હેતુઓ

૧. વિદ્યાર્થીઓ વિજ્ઞાનના સાધનો અને રસાયણોને સરળતાથી સમજી શકે છે.
૨. વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયમાં રસ રુચિ વિકસે છે.
૩. પ્રાર્થના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ઊભા થઇ બોલવાથી સ્ટેજ ફિયર દૂર થાય છે.

કાર્ય પદ્ધતિ

હું જયારે શાળામાં ગણિત વિજ્ઞાન વિષયના શિક્ષક તરીકે હાજર થયો ત્યારે વિજ્ઞાન વિષયના ધોરણ ૬ થી ૮ પુસ્તકમાં પ્રવૃતિ અને પ્રયોગો વધુ પ્રમાણમાં છે. આથી બાળકો જાતે પ્રવૃતિ અને પ્રયોગો કરે એવી મને આશા હતી પરંતુ બાળકોને પ્રયોગ અને પ્રવૃતિ માટે જરૂરી સાધનો કે રસાયણોના નામ ખબર ના હતી અને તે સાધનોને જાતે ઓળખી પણ શકતા ના હથા. આથી મને થયુ કે એવુ કાંઇક કરવામાં આવે કે તમામ બાળકોને સાધનોના નામ અને રસાયણોના નામ આવડી જાય તે માટે મે દરરોજ પ્રાર્થના સભામાં એક વધારાની પ્રવૃતિ ઉમેરી જેનું નામ રાખ્યુ વિજ્ઞાનના સાધનોની ઓળખ. તેમા દરરોજ એક વિદ્યાર્થી વિજ્ઞાનના કોઇપણ એક સાધન જે પ્રયોગોમાં ઉપયોગ કરતા હોય અથવા પ્રયોગોમાં ઉપયોગ થતા રસાયણો શાળાની વિજ્ઞાન પ્રયોગશાળા માંથી લઇ પ્રાર્થના સભા બધા બાળકો વચ્ચે બતાવું અને તેનો ઉપયોગ બધા બાળકોને બોલીને કહેવુ જેથી જોઇને યાદ રાખી શકે. ત્યારબાદ દર મહિનાના છેલ્લા શનિવારે મોટી ટીવી સ્ક્રીન ઉપર તે સાધન બતાવીને ટેસ્ટ લેવામાં આવે છે અને જેને વધુ નામ યાદ રહે તે બાળકને સાયન્ટિસ્ટ ઓફ ધ મંથ તરીકેનું બિરુદ આપવુ અને વર્ષના અંતે જેને વધુ યાદ રહે તેને સાયન્ટિસ્ટ ઓફ ધ યર તરીકેનું બિરુદ આપવામાં આવે છે. અને ખાસ પ્રોત્સાહિત રૂપે સ્વખર્ચે ભેટ આપવામાં આવે છે. આ રીતે તમામ બાળકોનો ઉત્સાહ જળવાઈ રહે છે.

સાધન સામગ્રી

વિજ્ઞાનના ૫-૭ સાધનો, વિજ્ઞાનના ૫-૭ રસાયણો, શાળા પ્રવૃતિના ફોટોગ્રાફ, થર્મોકોલ શીટ, ડ્રોઈંગશીટ

ઉપયોગીતા

પહેલા અમારી શાળામાં અને જે બાળકોને પ્રયોગ અને પ્રવૃતિ માટે જરૂરી સાધનો કે રસાયણોને ઓળખતા ન હતા તે બઆળકો ઓળખતા થયા અને પ્રયોગો અને પ્રવૃતિના તમામ સાધનો અને રસાયણોના નામ જાતે બોલતા થયા અને જાતે પ્રયોગ કરતા પણ થયા.

ઉપલબ્ધિ

- અમે અત્યાર સુધીમાં આ પ્રવૃતિમાં ૪ બેસ્ટ સાયન્ટિસ્ટ ઓફ ધ મંથ વિદ્યાર્થી પસંદ કરેલ છે. જે વિદ્યાર્થી વિજ્ઞાનના પ્રયોગો અને પ્રવૃતિના તમામ સાધનો અને રસાયણો ના નામ જાતે બોલે છે. અને ઓળખી પણ શકે છે. બાકીના વિદ્યાર્થીઓ પણ આ પ્રવૃતિમાં રસ પૂર્વક ભાગ લે છે.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** — **શિક્ષક ધારે તો શું ન કરી શકે ?**

**શિક્ષકશ્રીનું નામ** — **પ્રવિણભાઇ કાળુભાઇ રેથળીયા**


મોબાઇલ નં. ૯૮૨૪૬૧૦૬૯૭ ઈમેઇલ: ----

શાળાનું નામ શ્રી ભલગામડા પ્રાથમિક શાળા, તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર


**હેતુઓ**
૧. શાળાની શૈક્ષણિક ગુણવત્તા સુધારવી.
૨. શાળાની ભૌતિક સુવિધાઓ વધારવી.
૩. શાળા અને સમાજનો સંબંધ મજબુત બનાવવો.
૪. શાળાની કામગીરી વાલીઓ સુધી પહોંચાડવી.
૫. સમાજની અપેક્ષાઓ પૂર્ણ કરવાના પ્રયત્નો કરવા.

**સમસ્યા**
વર્ષ ૨૦૧૨માં આચાર્ય તરીકે આવ્યો ત્યારે શાળાનો ગુણોત્સવનો ગ્રેડ ડી. હતો. શાળાની ભૌતિક સુવિધાઓ અપુરતી હતી. શાળાનું ભૌતિક વાતાવરણ બઆળકોને આકર્ષિત કરવામાં આપુરતુ હતુ. શાળા અને સમાજનો સંબંધ મર્યાદિત હતો. લોકસહયોગ ઓછો મળતો. જેથી શાળાનો શૈક્ષણિક તથા ભૌતિક વિકાસ ઓછો થયેલો.

**કાર્ય પદ્ધતિ**
આ શાળામાં આચાર્ય તરીકે તા.૪-૯-૨૦૧૨ના રોજ હાજર થતા ઉપરોક્ત વિવિધ સમસ્યાઓ જોવા મળેલ. તેના નિરાકરણ માટે સૌ પ્રથમ સ્ટાફમિત્રોની મદદ લઇ તેમને શિક્ષણકાર્યમાં નડતી મુશ્કેલીઓ જાણી તેને દૂર કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા. સઘન વાલીઓના સંપર્ક દ્વારા બઆળકોની અનિયમિતતા દૂર થઇ. જેથી શૈક્ષણિક કાર્યની મુશ્કેલી ઓછી થઇ. શાળાની ભૌતિક સુવિધાઓ વધારવા ગામ આગેવાનો, એસ.એમ.સી.ના સભ્યો તથા દાતાઓને મળી પ્રયત્નો કરવામાં આવ્યા. શાળા અને સમાજના સંબંધો મજબૂત બનાવવા શાળાકીય પ્રવૃત્તિઓમાં તેમને સામેલ કરવામાં આવ્યા શાળા તથા શિક્ષકોની કામગીરી પ્રત્યે ગામલોકોમાં વિશ્વાસ ઉત્પન્ન કરવામાં આવ્યો. દરેક બાળકના ઘરની રૂબરૂ મુલાકાત કરી તેમના પ્રશ્નો જાણવાના પ્રયત્નો કર્યા. શાળાના વિવિધ કાર્યક્રમોમાં તેમને આમંત્રણ આપી શાળાની સુધારાત્મક બાબતો વિશે વાતો ન કરતા રૂબરૂ કામ કરીને બતાવ્યુ. ખાસ મહત્વની બાબત સરકાર દ્વારા મળતી નાણાંકીય ગ્રાંટ જે નાણાં આવે તેને એસ.એમ.સી. સમક્ષ મુકી વપરાશ કરવાના નિર્ણયો કરવામાં આવ્યા. જરૂર જણાયે આચાર્ય તરીકે પોતાના નાણા પણ વાપર્યા છે. આમ, સમાજની અપેક્ષાઓ પૂર્ણ કવરાના પુરતા પ્રયત્નો શાળા પરિવાર દ્વારા કરવામા આવ્યા.

**ઉપયોગીતા**
ઉપરોક્ત કાર્ય પદ્ધતિ મુજબ શાળામાં કામ કરવાથી શાળાને, બાળકોને તેમજ શાળા પરિવારને ખૂબજ ફાયદો થયો, શાળાનો વિકાસ થયો. શાળાના શૈક્ષણિક તથા ભૌતિક સુવિધાઓમાં બહુ મોટો સુધારો જોવા મળ્યો.

**ઉપલબ્ધી**
છેલ્લા છ વર્ષની મહેનત, અથાગ પ્રવૃતિઓ. ઉત્સાહભેર શાળાની કાર્ય પ્રણાલીના લીધે મારી શાળાની વિવિધ સમસ્યાઓ દૂર થઇ. જેના સારા પરિણામો આપની સામે મુકેલ છે.

- છેલ્લા ચાર વર્ષ શાળા ગુણોત્સવમાં A ગ્રેડ મેળવેલ છે.
- GCERT ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૬/૧૭ માં શાળાને સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર તથા રૂા.૧૦૦૦૦ મળેલ છે.
- ખેલ મહાકુંભમાં શાળાની દીકરીઓની હોકીની ટીમ સતત ચાર વર્ષથી રાજ્યકક્ષાએ ભાગ લે છે.
- ખેલ મહાકુંભ ૨૦૧૭ માં શાળાને તાલુકાની શ્રેષ્ઠ શાળા અંતર્ગત ત્રીજો ક્રમાંક મેળવી રૂા.૧૦૦૦૦ પુરસ્કાર મળેલ છે.
- લોક સહકારથી શાળાને ૬ કમ્પ્યુટર સેટ દાનમાં મળેલ છે.
- દર વર્ષે લગભગ ૪૦ થી ૫૦ હજારનું દાન ગામલોકો તરફથી મળે છે.
- દાતાઓ દ્વારા દર વર્ષે બાળકોને ગણવેશ, શૈક્ષણિક કીટ, પુસ્તકો, નોટબુકો દાનમાં આપવામાં આવે છે.
- શાળાના કાર્યક્રમોમાં ગામલોકો ઉત્સાહભેર હાજરી આપે છે.
- આજે મારી શાળા સ્વચ્છ, ગ્રીન, નયનરમ્ય બનેલ છે.




Scanned with OKEN Scanner

## EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** T T T (T3) Teaching Through Traveling (ચાલો ફરીએ ચાલો ભાગીએ)

**શિક્ષકશ્રીનું નામ** રીનાકુંવરબા ચંદ્રસિંહ ઝાલા

મોબાઇલ નં. ૯૪૦૮૯૪૨૩૭૩ ઈમેઇલઃ ----rinabazala@gmail.com

શાળાનું નામ શ્રી સૌકા પ્રા. શાળા, તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર

**હેતુઓ** બાળકને પુસ્તકના પાના પર છાપેલુ શિક્ષણ આપવાની સાથે સતત પ્રવાસી બની અનુભવેલુ શિક્ષણ આપવાનો પણ પ્રયત્ન કરવો.

**કાર્ય પદ્ધતિ** ઐતિહાસિક સ્મારકો, ભૌગોલિક વૈવિધ્ય ધરાવતા સ્થળો, ઝૂ, મ્યૂઝીયમ, પ્લેનેટોરીઅમ જેવી જગ્યાઓની મુલાકાત લઇ ત્યાંના સંદર્ભો એકત્ર કરી ત્યાંના રિસોર્સ પર્સનની ઇન્ટવ્યુની વિગતો, નોંધ તથા દસ્તાવેજી ચિત્રો, ક્લિક એન્ડ ક્લીપ દ્વારા બાળ  ફીલ્મ બનાવી બાળકો સમક્ષ રસપ્રદ રજૂઆત કરી શકાય.

**સાધન સામગ્રી** ટ્રાવેલ કીટ, કેમેરા, ડીસ્પ્લે ડીવાઇસ

**ઉપયોગીતા** સમય તથા સાધનની મર્યાદાને લીધે બાળકોને વર્ષમાં એક બે નાના મોટા પ્રવાસ જ કરાવી શકાય છે. પરંતુ શિક્ષક જો શક્ય હોય તો પાઠ્ય પુસ્તક સાહિત્યના અનુસંધાનમાં પ્રવાસ મુલાકાત ગોઠવી પોતાના જીવંત અનુભવો, અભ્યાસક્રમના મુદ્દાઓ સાથે જોડી, બાળકને બતાવીને સમજાવી શકે છે.

**ઉપલબ્ધી** શિક્ષકશ્રી પોતાની 'રિયલ જર્ની' દ્વારા બાળકની 'વર્ચ્યુઅલ જર્ની' કલાસરૂમમાં જ કરાવી શકે છે. પોતાના શિક્ષક સાથે તાદાત્મ્ય હોવાથી બાળક પણ કાલ્પનિક રીતે ફર્યાનો, નવી બાબત, નવી રીતે જાણવાનો તથા માણવાનો આનંદ લઇ શકે . તથા પાઠ્ય પુસ્તકના એકમને આત્મસાત કરી શકે છે.



Scanned with OKEN Scanner

## EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** — **શાળામાં કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવું**

**શિક્ષકશ્રીનું નામ** — **તૃપલકુમારી એલ. દેત્રોજા**


મોબાઇલ નં. ૬૩૫૧૦૯૩૬૯૭૯ ૯૬૮૭૭૫૫૨૬૮ ઇમેઇલઃ ----rinabazala@gmail.com

શાળાનું નામ શ્રી ઉંડવી પ્રા.શાળા, તા. થાનગઢ, જી. સુરેન્દ્રનગર.


હેતુઓ
- શાળામાં વિદ્યાર્થીનીઓને આવવા માટે રસરૂચિ લાવી શકાય.
- વાલીઓ, શિક્ષકો, વિદ્યાર્થીનીઓ વચ્ચે હકારાત્મક સબંધ વિકસે.
- વિદ્યાર્થીનીઓમાં સ્વચ્છતા તેમજ સુઘડતા આવે છે.
- છોકરીઓમાં અનિયમિતતાનું કારણ ઘટયું છે.
- વ્યાવહારિક જીવનમાં પણ તેનો ઉપયોગ કરે છે.
- વિદ્યાર્થીનીઓમાં આત્મવિશ્વાસ વધ્યો છે.

સાધન સામગ્રી શાળાના બનાવેલ નમુનાઓ, પ્રવૃત્તિના ફોટોગ્રાફસ, થર્મોકોલ શીટ, ડ્રોઇંટ શીટ

કાર્ય પદ્ધતિ હું જ્યારે શાળામાં આવી ત્યારે છોકરીઓના સતત ગેરહાજર તેમજ તેની સ્વૈચ્છિક અસ્વચ્છતાનું પ્રમાણ ઘણું જ વધારે હતું. જેવા કે મેલાઘેલા કપડા, નહાવા ધોવાનું ઓછું, કેશમાં જુ વગેરે, તેમજ શાળામાં નહી આવવાનું કારણ ઘરે કામ, મજૂરી કામ વગેરે

- મને એવું લાગ્યુ કે જો હું શાળામાં છોકરીઓ વધુને વધુ ભણવા માટે આવે તેમજ તેની શારીરિક સ્વચ્છતામાં ભાર મુકવામાં આવે તેના માટે હું કંઇક પ્રવૃત્તિનું આયોજન કરું.
- આ માટે મે શાળામાં એક અઠવાડિયામાં ૪ પિરિયડ કલાના ગોઠવ્યા, જેમાં ધોરણ ૬,૭,૮ ની છોકરીઓ આવે તેમાં જેને જે કામમાં વધુ રસ હોય એવી પ્રવૃત્તિ કરાવી. જેવી કે રાખડી બનાવવી, ફલાવર પોટ બનાવવા, તોરણ બનાવવા, ડ્રેસ કટીંગ્સ, સિલાઇ કામ, હેર કટીંગ, હેર સ્ટાઇલ વાળવી, મહેંદી મુકી દેવી, દિવાલ પરના ડેકોરેશન વગેરે જેવી પ્રવૃત્તિ કરાવી. આ સિવાય ક્યારેક સામાન્ય નોલેજ જેવા પિરિયડ પણ લેવામાં આવ્યા જેમાં સ્ત્રીઓની સ્વચ્છતા, સ્ત્રીરોગ તેના વિકાસ માટે વાતો, વગેરે વિશેની ચર્ચા થતી.

ક્યારેક સ્ત્રીના પોષણ માટેની ખોરાકની યોગ્ય ગોઠવણી જેવી કે અઠવાડિયામાં બે વાર કઠોળ લાવવું, બપોરના સમયે બધી છોકરીઓની સાથે જમવા બેસવું, એક બીજાનું ભોજન આપ-લે કરવું જેનાથી સમુહ ભાવનાનો પણ વિકાસ થતો આવી અનેક પ્રવૃત્તિઓ શાળામાં કરી.

ઉપયોગીતા ઘણી બધી છોકરીઓ પોતાના પ્રસંગોમાં અન્ય જગ્યાએ આવી પ્રવૃત્તિનો ઉપયોગ કરે છે. મહેંદી મૂકી શકે છે. ડ્રેસ હેર સ્ટાઇલ બનાવે છે. વગેરે.

ઉપલબ્ધિ મોટા ભાગની છોકરીઓ શાળાએ આવતી થઇ ગઇ છે. શાળામાં થતી અન્ય પ્રવૃત્તિમાં રસપૂર્વક ભાગ લે છે. એન્કરીંગમાં પણ આત્મવિશ્વાસ વધવાના લીધે ભાગ લે છે.



Scanned with OKEN Scanner

## EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** — **વિદ્યાર્થી ઘડતરમાં સંદર્ભ સાહિત્ય**

**શિક્ષકશ્રીનું નામ** — **લાલજીભાઈ ભવાનભાઈ પંચાલ**


મોબાઇલ નં. ૯૪૨૭૩૨૩૦૪૬ ઇમેઇલ: ----

શાળાનું નામ શ્રી હાથીપુરા પ્રા. શાળા, તા.દસાડા, જી.સુરેન્દ્રનગર


**હેતુઓ**

૧. વિદ્યાર્થીઓ વિષયવસ્તુ આધારિત સંદર્ભ સાહિત્યનો જાતે અભ્યાસ કરી શકે
૨. જરૂરીયાત મુજબનું સંદર્ભ સાહિત્ય હાથવગુ હોય તો શિક્ષક ઇવદ્યાર્થી બંને માટે ઉપયોગી બને
૩. વર્ગખંડના સમયબાદ કે શિક્ષકની ગેરહાજરીમાંબાળકો જાતે જ્ઞાન પ્રાપ્ત કરે.
૪. વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભાના તમામ કાર્યક્રમોનું આયોજન સંચાલન જાતે કરી શકે.
૫. વિદ્યાર્થીઓની હાજરીનું પ્રમાણ વધે અને અભ્યાસમાં રસ રુચિ વધે.

**કાર્ય પદ્ધતિ**

અત્યારના સમયમાં વિદ્યાર્થીઓને સાક્ષરી વિષયો ઉપરાંત જે તે એકમને અનુરુપ સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરાવવાથી બાળકો જે તે એકમના હેતુઓ સરળતાથી સિદ્ધ કરી શકે છે. તો વળી, સરળ ભાષામાં લખાયેલા આ સંદર્ભ સાહિત્યના ઉપયોગથી વિદ્યાર્થીઓને જે તે એકમમાં ભણવામાં મજા આવે છે. અને જયારે જરૂર પડે ત્યારે જરૂરીયાત મુજબનું જ આ સાહિત્ય હાથવગુ હોય છે. ણારા આ સંદર્ભસાહિત્યમાં પ્રાર્થનામાં ઉપયોગી હોય તેવુ, ગુજરાતી, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી, હિન્દી, દિન વિશેષ અને જનરલ બાબતોમાંઉપયોગી થાય તેવા સાહિત્યનો સમાવેશ થાય છે. આ તમામ સાહિત્ય જયાં મળે ત્યાંથી સંકલિત કરીને મે જાતે તૈયાર કરેલ છે. અને તેનો ઉપયોગ વર્ગખંડ, શાળા, કલ્સ્ટર અને વોટ્સએપ બ્લોગના માધ્યમ દ્વારા ગુજરાતી અન્ય શાળા સુધી પહોંચેલ છે.

**સાધન સામગ્રી** લેપટોપ, કમ્પ્યુટર, કાગળ, પ્રિન્ટર, પ્રોજેક્ટની યાદી, પેનડ્રાઇવ, દસ્તાવેજી પુરાવા

**ઉપયોગીતા**

- ગુજરાતી વિષયમાં બાળકોને કવિ, લેખકો વિશેનો પરિચય સચિત્ર મળે છે.
- માતૃભાષા ગૌરવદિન વખતે આ સાહિત્ય ઘણું ઉપયોગી બને છે.
- જોડકણા, ઉખાણા, લોકગીતો અને કાવ્યસંગ્રહ બાળકોની ગુજરાતી ભાષાને વધુ સમૃદ્ધ બનાવે છે.
- ગણિત સંદર્ભે બનાવેલ સંખ્યાજ્ઞાન, ભુમિતિ, રમતા રમતા ભણીએ અને આપણા ગણિતજ્ઞોથી બાળકોને ગણિત વિષય રૂચિકર લાગે છે.
- વિજ્ઞાન વિષયમાં ચાલો પ્રયોગ કરીએ, સાધનો ઓળખીએ, વૈજ્ઞાનિકોને જાણીએ જેવા લેખનોથી બાળકોને વિજ્ઞાનમાં ખૂબ રસ પડે છે. રાષ્ટ્રીય વિજ્ઞાનદિનની ઉજવણીમટો આ તમામ વસ્તુઓ દરવર્ષે ઉપયોગી બને છે.
- સા.વિજ્ઞાન પર્યાવરણમાં કોયડાઓ, દેશનેતાઓ, ઐતિહાસિકસ્થળો વિશે વધુ જાણકારી મેળવે છે.
- અંગ્રેજી વિમાં સ્પેલીંગો, વાક્યો અને પો એમનો મહાવરો મળે છે.
- હિન્દીમાં કબીરજીના દોહા એ હિન્દી સાહિત્યકારો વિશે વધુ જાણકારી મેળવે છે.
- વિશ્વવનદિન, જળદિન, ચકલીદિન, મહિલાદિન, રા.વિ.દિન, માતૃભાષા ગૌરવદિન જેવા દિવસોની ઉજવણીમાં બાળકોને નવીન પ્રકારનું સાહિત્ય વાયવા મળે છે.
- દસ પ્રકારના કેલેન્ડર થકી બાળકો પોતાની જાતે અવલોકન દ્વારા જનરલ નોલેજ વિશેની માહિતી પ્રાપ્ત કરે છે.

**ઉપલબ્ધી**

- ગુજરાતના ઘણા શિક્ષકો પોતાની શાળામાં આ સાહિત્યનો ઉપયોગ કરે છે. (બ્લોગ એન્ડ વોટ્સએપના માધ્યમ દ્વારા)
- બાળકોને કવિ, લેખક, વૈજ્ઞાનિક, નેતાઓનો સચિત્ર પરિચય મળતો હોય સરળતાથી યાદ રહી જાય છે.
- ગણિતના કઠિન મુદ્દાઓ પાયાની સંકલ્પનાઓ કેલેન્ડર થકી સરળતાથી સિદ્ધ થઇ
- બાળકો સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરતા થયા.
- દિન વિશેષ ઉજવણીમાં આ તમામ મટીરિયલ્સ બાળકો માટે ખૂબ ઉપયોગી સાબિત થયુ છે.




Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** ગણનની જડીબુટ્ટી

**શિક્ષકશ્રીનું નામ** ડૉ.દિપકકુમાર રતિલાલ મહેતા

મોબાઇલ નં. ૯૮૯૮૭૩૧૯૩૬ ઇમેઇલ: ----di[akmehta1978@gmail.com

શાળાનું નામ શ્રી જેપર પ્રા. શાળા, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર

હેતુઓ

૧. બાળકોમાં અંકજ્ઞાન, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ઘડિયાની રચના, ભાગાકારમાં રસ રુચિ વધે
૨. ગણનની સુગ દૂર થાય
૩. બાળકોમાં આત્મવિશ્વાસ વધે
૪. બાળકો જાતે જ સાચા જવાબની શોધ કરી લે છે.
૫. નવી શોધ તરફ બાળક એક ડગલુ માંડવાનો પ્રયાસ કરે છે.

કાર્ય પદ્ધતિ

શાળામાં ગણિત વિષયમાં પ્રિયબાળકો, ગુણોત્સવ, મિશનવિદ્યામાં ગણનમાં (અંકજ્ઞાન, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ઘડિયાની રચના, ભાગાકારમાં) નબળા/પ્રિય બાળકો ન રહે તે માટે ગણનની જડીબુટ્ટી શોધ કરવામાં આવી છે.

અંકજ્ઞાનની જડીબુટ્ટી : સૌપ્રથમ સ્થાનકિંમતનો કોઠો તૈયાર કરવો.

| દશ કરોડ | કરોડ | દશ લાખ | લાખ | દશ હજાર | હજાર | સો | દશક | એકમ |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 1 | 2 | 5 | 0 | 6 | 7 | 8 |

ઉ.દા. (૧) 341250678 ઉ.દા.માં આપેલ સંખ્યાને શબ્દમાં લખો :-
ચૌત્રીસ કરોડ બાર લાખ પચાસ હજાર છ સો અઠયોતેર
ઉ.દા. માં આપેલ ચૌત્રીસ કરોડ બાર લાખ પચાસ હજાર છ સો અઠયોતેર શબ્દને અંકમાં લખો. : 341250678

(૨) સરવાળાની જડીબુટ્ટી — જવાબની જડીબુટ્ટી
ઉ.દા.

| | |
|---|---|
| 123 | 579 |
| + 456 | 456 |
| 579 | 123 |

સરવાળાનો જવાબ લખવો.
સ. જવાબની ઉપરની સંખ્યા લખવી.
બા.નો. જવાબની સંખ્યા જો. સ. ની પ્રથમ સંખ્યા જ હોય તો જવાબ સાચો

(૩) બાદબાકીની જડીબુટ્ટી — જવાબની જડીબુટ્ટી
ઉ.દા.

| | |
|---|---|
| 987 | 882 |
| - 105 | + 105 |
| 882 | 987 |

બાદબાકીનો જવાબ લખવો.
સ. જવાબની ઉપરની સંખ્યા લખવી.
બા.નો. જવાબની સંખ્યા જો. સ. ની પ્રથમ સંખ્યા જ હોય તો જવાબ સાચો

- સરવાળાનો સાચો જવાબ શોધવા આપેલ નમુના પ્રમાણે બાદબાકી કરવી.
- બાદબાકીનો સાચો જવાબ શોધવા આપેલ નમુના પ્રમાણે સરવાળો કરવો.
- ભાગાકારનો સાચો જવાબ શોધવા આપેલ નમુના પ્રમાણે ગુમાકાર કરવો.
- ઘડિયાની રચના જે અસંખ્ય ઘડિયા સરળ રીતે બનાવીને ભાગાકારના કઠિન દાખલા ગણિ શકાય છે.
- દરેક નમૂનામાં નિશાની આપવામાં આવેલ છે.

ગુણાકારના જવાબની જડીબુટ્ટી
૧. ગુણાકારનો જવાબ ભાગાકારના ભાજયના સ્થાને લખો.
૨. ગુણાકારની ગુણક સંખ્યા ભાગાકારના ભાજકના સ્થાને લખો.
૩. ભાગાકારના નો જવાબ/ભાગફળની સંખ્યા જો ગુણાકારની ગુણ્ય સંખ્યા સરખી હોય તો જ ગુણાકારનો જવાબ સાચો

ભાગાકારના જવાબની જડીબુટ્ટી
૧. ભાગાકારનાનો જવાબ/ભાગફળની સંખ્યા ગુણાકારની ગુણ્યના સ્થાને લખો.
૨. ભાગાકારની ભાજક સંખ્યા ગુણાકારના ગુણકના સ્થાને લખો.
૩. ગુણાકારનાનો જવાબ/ગુણનફળ સંખ્યા જો ભાગાકારની ભાજ્ય સંખ્યા સરખી હોય તો જ ભાગાકારનો જવાબ સાચો.

(૪) ગુણાકારની જડીબુટ્ટી

```
  123
 x 23
------
 2460
+ 369
------
 2829
```

(૫) ભાગાકારની જડીબુટ્ટી

```
      123
23 / 2829
     23
    ----
     052
    - 46
    ----
     069
    - 69
    ----
      00
```

(૬) ઘડિયાની રચનાની જડીબુટ્ટી

| | | | |
|---|---|---|---|
| 2 | | 3 | 2 3 |
| 4 | + | 0 6 | 4 6 |
| 6 | + | 0 9 | 6 9 |
| 8 | + | 1 2 | 9 2 |
| 1 0 | + | 1 5 | 11 5 |
| 1 2 | + | 1 8 | 13 8 |
| 1 4 | + | 2 1 | 16 1 |
| 1 6 | + | 2 4 | 18 4 |
| 1 8 | + | 2 7 | 20 7 |
| 2 0 | + | 3 0 | 23 0 |

- પ્રથમ આડી લાઇનની ૨ અને ૩ ને જોડી સંખ્યા ૨૩ બનશે.
- ૨ ની ઉભી લાઇનમાં ૨ ના ઘડિયાના જવાબ લખી નાખો
- ૩ ની ઉભી લાઇનમાં ૩ ના ઘડિયાના જવાબ લખી નાખો
- ૩ ની ઉભી લાઇનની એકમના સ્થાનનો અંક જવાબના એકમના સ્થાનમાં લખી નાખો અહીં તે સંખ્યા નીચે રેખા દોરેલ છે.
- ૩ ની ઉભી લાઇનમાં દશકના સ્થાનના અંકો અને ૨ ની ઉભી લાઇનની સંખ્યાનો સરવાળો કરી જે જવાબ આવે તે જવાબના દશક અને સો ના સ્થાનમાં લખી નાખો.
- અસંખ્ય સંખ્યાનો સરળ અને ઝડપી ઘડિયાની રચના છે.
- નોંધ : ૧ થી ૯ સુધીનો ઘડિયો આવડતો હોવો જરૂરી છે.



Scanned with OKEN Scanner



**ઈનોવેશનનું નામ** | **પર્યાવરણના દરેક એકમના પ્રોજેક્ટ**

**શિક્ષકશ્રીનું નામ** | **કરશનભાઈ દેવજીભાઈ શાક્ય**

મોબાઇલ નં. ૯૯૨૪૧૮૭૩૨૧ ઇમેઇલ: ----kdshakya6359@gmail.com

શાળાનું નામ દોલતપર પ્રા.શાળા તા. લીંબડી, જિ. સુરેન્દ્રનગર

હેતુઓ

૧. જાતે સ્વાધ્યાય લખે છે.
૨. ટી.એલ.એમ. ઓળખતા થાય.
૩. જુથમાં કામ કરતા થાય.
૪. અર્થગ્રહણ અને સમજ શક્તિ વિકસે
૫. નબળા બાળકોની કચાશ દૂર થાય.
૬. વિષય વસ્તુ પાકુ થાય.
૭. વાંચન વધે.

કાર્ય પદ્ધતિ

એકમ શિખતા વખતે બાળકો જરૂરી સાહિત્યનો ઉપયોગ કરે છે. દરેક એકમને લગતી સંદર્ભ સાહિત્ય સામગ્રી અને શૈક્ષણિક સાધનો હોવાથી તેમજ વિવિધ પ્રોજેક્ટો પણ સાથે રાખેલ હોવાથી બાળકો સારળતાથી ઝડપથી અને પોતાની રીતે શીખી શકે છે. જેના થકી બાળકોને પ્રેરણા અને પ્રોત્સાહન મળે છે. બાળકોને અભ્યાસ પ્રત્યે રસ-રૂચિ જાગે છે અને અભ્યાસ કરવા માટે તત્પર બને છે.

ઉપલબ્ધી

- સરળતાથી લખે છે.
- વાંચન પ્રત્યેની રસ-રૂચિ વધે છે.
- કોઈની મદદ વગર લખે છે.



Scanned with OKEN Scanner

# EDUCATIONAL INNOVATION FESTIVAL - 2018/19



**ઈનોવેશનનું નામ** **સ્વાસ્થ્ય જાગૃતિ હેલ્થ અવરનેસ**

**શિક્ષકશ્રીનું નામ** **કંદર્પ સી.વ્યાસ**

મોબાઇલ નં. ૯૦૧૬૯૦૧૫૬૩ ઈમેઇલ: ----kandarpvyas63@gmail.com

શાળાનું નામ શ્રી ઢાંકી પ્રાથમિક શાળા, ગામ- ઢાંકી, તા. લખતર, જી. સુરેન્દ્રનગર

**સમસ્યા** સ્વાસ્થ્ય અંગે બેદરકાર હતાં. જે તેમના કપડા, નખ, વાળ અને ચહેરા પરથી જોઇ શકાતું હતું અને ઘણા બાળકોમાં વ્યસન તેમજ બહાર ફુડ કેકિંગ વધુ પડતા ખાવાની આદત જોવા મળી હતી. બાળકો વધુ બહારના ખોરાક પર આધારિત હતા.

**કાર્ય પદ્ધતિ** સૌ પ્રથમ બાળમિત્રોને સ્વાસ્થ્ય અંગે જાગૃતિ આપી પહેલું સુખ તે જાતે નર્યા તેમજ પોષણક્ષમ આહાર અંગે પૂરતી જાગૃતિ ફેલાવી અને બાળકોના નખ, વાળ અને શરીરની સફાઇ અંગે શાળામાં રોજ તપાસ કરતા હતાક બહારના ફુડ પેકિંગ ખાવાથી થતાં નુકશાન અને તેના પર નિર્ભર રહેવાથી શરીરમાં કેવા પ્રકારની ઉણપ સર્જાય છે. તે જણાવવામાં આવ્યું. વ્યસન કરતા બાળકોની કુટેવ છોડવા માટે વ્યસનથી થતાનુકશાન અને રોગો વિશે જાગૃતતા ફેલાવી અને જેમાં મને સારૂ પરિણામ મળેલ છે.

**મૂલ્યાંકન** : શરૂઆતના સમયમાં જ્યારે આ પ્રયોગ અમલમાં ન હતો ત્યારે હેલ્થ વર્કર દ્વારા શાળાના બાળકોની તપાસણી થતાં ઘણી બધી ખામી અને કૂટેવો જોવા મળેલ પરંતુ હાલના સમયમાં છેલ્લે હેલ્થ વર્કર દ્વારા બાળકોની તપાસણી કરતા બાળકોની હેલ્થમાં સુધારો થયેલ છે.

**ઉપલબ્ધી** - હાલની પરિસ્થિતએ બાળકોમાં વ્યસનની કૂટેવ દૂશ્ર થયેલ છે. અને બાળકોની પોતાની શરિર સ્વચ્છતા અંગે જાગૃત છે. અને બહારના ફૂડ પેકિંગની આદત ૧૦૦% દૂર થયેલ નથી. પરંતુ મહદ અંશે આદત છુટી થયેલ છે. પ્રયત્નો

વર્તમાન સ્થિતિએ બહારના ફુડ પેકિંગ ખાવાની આદત ૧૦૦% દૂર થાય તેના પ્રયત્નો ચાલુ છે. રેગ્યુલર સ્વાસ્થ્ય ચેકિંગ રૂટિન ચાલે છે. વ્યસન મૂક્તિ અંગેના અભિયાન ચાલુ છે. જેથી બાળકો પોતાના જ ઘરના વડિલો જે વ્યસન કરે છે તેને જોઇને વ્યસન નો કરે.



Scanned with OKEN Scanner

4th Educational Innovation Festival 2018

Innovation
Distinguishes
between a leader
and a follower.
**Steve Jobs**

Akshar : 99248 47000

Scanned with OKEN Scanner